અજબ મોહિની



કીંમત ૮ આના

સં. ૧૯૬૨ સને ૧૯૦૬

છપાવી પ્રસિદ્ધ કરનાર

શા. મોહનલાલ પોપટલાલ

ઠે૦ રીચીરોડ—અમદાવાદ.

જૈન વિદ્યા વિજય પ્રીન્ટિંગ પ્રેસ—અમદાવાદ.

॥ श्री परमात्म नमः ॥

અજબ-મોહીની
યાને
ચપળાની ચતુરાઇ.

પ્રકરણ ૧ લું.

કરપીણુ ખાંતે સંઘરે, અવર લે અધિકો લાવ;
કીડી તેતરની પરે, બને બધો બનાવ.

"યથા નામા તથા ગુણા" એ પ્રમાણે સુંદરપુર તે સુંદરપુરજ હતું. જ્યાં સાત સાત ભૂમિકાના અવાસ હજારો દૃષ્ટીએ પડતા હતા. વળી ગગનમંડળ સાથે વાતો કરતા મહેલોનો પણ પાર નહોતો. એક, બે ભૂમિકાઓ વાળા ઘર તો ભાગ્યેજ જોવામાં આવતાં. તે મહેલો અને અવાસમાં રાત્રિએ થતા દીવાનો પ્રકાશ સૂર્યના આભાસનું ભાન કરાવતો. મોટા માર્ગમાં અને ગલીકુંચીમાં રાજ તરફથી દીવા રાખવામાં આવતા નહોતા. પણ માર્ગમાં પડેલી બારીકમાં બારીક વસ્તુ વિના પ્રયાસે ઝટ દઇ હાથમાં આવતી હતી. માર્ગની ફરસબંધી ભલભલાનું ભાન ભુલાવે તેવી હતી. એકે માર્ગપર કચરો કે ગંદકી થાય એવી કાંઇ પણ ચીજ ભાગ્યેજ નજરે પડતી. ઉંચા ઉંચા માળ અને રંગ બેરંગથી વિચિત્ર ચીત્રોને પાઘડીપર હાથ રાખી નિહાળતા અને આનંદ થતા કેટલાક મુસાફરો જોવામાં આવતા. લોકો જોવામાં એટલા મશગુલ થતા હતા કે ગાડી, ઘોડા, કે કોઈ પણ જનાવર તેઓને હેરાન કરશે તેનું જરાએ ભાન રાખતા નહતા.

આ મોટા શેહેરના એક સપ્ત ભુમિકાવાળા અવાસમાં આ વખતે કાંઇ જુદોજ ચિતાર જોવામાં આવતો હતો.

આ હવેલી રંગરોશનથી તથા લકડકામની નકશીથી અને ભીંતોપરના મનહરણ ચિત્રોથી જેવી બહાર શોભતી હતી તેથી પણ અધિક અંદરની શોભા હતી. દરેક માળના દરેક ખંડને ચીનાઇ બીલોર કામના હાંડી, ઝુમર, વાલસટ અને જે જે સ્થળે જોઇએ તેવાં ચીત્રોના તખતાથી શણગારવામાં આવ્યા હતા. તેની શોભામાં વધારો કરવા માટે ઉંચી કીસમનું અને સરસ કારીગરીનું ફરનીચર ગોઠવવામાં આવ્યું હતું, તેમ ભીંતોને સુંદર ચિત્રોથી ચીતરવામાં આવી હતી. તેમ બારી બારણાને ઝરીયન, રંગબેરંગી, અને સાદી પણ અંદર કારીગરી કરેલી ઝુલોથી શુશોભીત કર્યા હતાં. જેમ લગનના મંડપને અને તે વખતના ઘરને જેમ શણગારવામાં આવે છે તેમ કાયમને માટે આ હવેલીને શણગારવામાં આવી હતી.

આ ઘરનો માલીક પૈસા, નોકર ચાકર અને ગાડી ઘોડા વિગેરેથી ભરપુર હતો પણ તેના મરણ પછી તે સંપતિને કોઇ ભોગવનાર નહોતો. બે ચાર વખત પરણ્યા છતાં પણ કોઈ સંતાન મુકી મરણ પામી નહોતી. આથી તે માલીક, નોકર ચાકરથી પોતાનું કામ લેતો હતો. કન્યાઓ તો ઉપરા ઉપરી આવતી પણ કૃપણતાના યોગે કોઇનું માગું સ્વિકાર્યું નહોતું. જાતે વૃદ્ધ એટલે પૈસાના લાભેજ લોક કન્યા આપવા ચહાતા અને હાથ ભરાય એવું ઠેકાણું જાણી કન્યા આપનારાઓ તેનું આંગણું તોડી પાડતા. પણ આ કાકા તો ચમડી તુટે પણ દમડી ન છુટે એવા હોવાથી બૈરી વગરના રહ્યા હતા. પૈસાના લોભેજ છોકરા માટે પણ બાયડી પરણી શકયા નહીં. પેટે પુરૂં જે ખાય નહીં તે બીજું શું કરી શકે?

રતનચંદ કાકા ફીકરથી શરિર અશક્ત થવાને લીધે આ વેળા એ લાંબી આરામ ખુરશીમાં વિચારમાં દાતણ કરતા બેઠા હતા. પીપદાની પાસે છતાં પણ ઘડીમાં ભોંય ઉપર

અને ઘડીકમાં પીપદાનીમાં થુંકતા હતા. દાંત ઘસવામાં પણ પ્રમાદ કરતા હતા. ઘડીકમાં જોરમાં તો ઘડીકમાં બહુજ ધીરે ધીરે દાંત પર દાતણનો કુચો ફેરવતા હતા. ઉંડા નિસાસા નાખતા, અને અનેક તર્ક વિતર્ક કરતા ઘડીકમાં આરામ ખુરશીમાં લેટી જતા અને વળી કાંઈ સાંભરી આવતું હોય એમ કરી ઝડપથી ટટાર થઇ પાછા બેઠા થતા હતા. આવા વિકળ મનના લીધે દાંતણ કરવાનો કાંઇ પાર આવ્યો નહીં. રૂપાળી, દુધ ચાહ લઇને આવતાં ડોસાને દાતણ કરતા જોઇ અજબ થઈ. આ શું ? આજ હજી સુધી દાતણ કેમ ? મને આપી ગયે આસરે કલાક થયો છતાં આમ કેમ ? રોજ તો પુરી પાંચ મીનીટે થતી નથીને ? વળી આજ કાંઈ ચિત પણ ચળવચળ લાગે છે તેથીજ ઘણી વારથી ઉભી છું પણ તે મારા હાથમાંનાં પાત્ર હેઠે મુકવા કહેતા નથી.. એમ વિચારી ડોસાને શુદ્ધમાં લાવવા રૂપાળી બોલી.

શેઠજી ! હજી સુધી આપ દાતણ નથી કાઢી રહ્યા ? દાતણપાણી આપી ગયે વખતતો ઘણો થઇ ગયો છે. દાતણ ઝટ કાઢી લ્યો, આ ચાહ દુધ ટાઢું થઇ જાય છે.

રૂપાળીનો શબ્દ સાંભળતાં શેઠે શુદ્ધીમાં આવી ઝટ દાતણ કરી લઇ મોંહ ધોઇ લઇ અંગુછેથી તેને લોઈ નાંખ્યું; અને રૂપાળીના હાથમાંથી ચાહ દુધ લઈ પીવા માંડયું. પીતા પીતા રતનચંદ શેઠે મોટો ઉંડો નિસાસો નાંખ્યો એ જોઈ રૂપાળી બોલી.

શેઠજી ! આજ આપ આમ ઉદાસ કેમ જણાયોછો ? આજ તમને કાંઇ થાય છે કે શું ? હું દુધ ચાહ લઇ ક્યારની આપની સનમુખ ઉભી તે પણ ન જાણ્યું ?

રૂપાળી ! મારા દુઃખથી તું ક્યાં અજાણી છે ? દીન વદને રતનચંદ શેઠ બોલ્યા. કેટલુંક થયાં આપણા ઘરમાં ઉપરા ઉપરી ચોરીઓ થાય છે અને તેનો તપાસ કરતાં કાંઇ પણ પત્તો લાગતો નથી; એથી અજબ થાઉં છું. સાણુ એવું કોણ ચોર છે તેની ખબરજ પડતી નથી? જેમ જેમ

બંદોબસ્ત કરૂં છું તેમ તેમ દીન પ્રતિદીન વધારે વધારે માલ ગયા કરે છે. પોલીસમાં રખડી ખરાબ થવાની આશાએ આજ સુધીમેં આગળ પગલાં ભર્યાં નહીં તેનું આ ફળ ભોગવવું છું. પણ આ છેહલી ચોરીથી તો હું ઘણો ગભરાયો છું. અને તેથી મારે આગળ પગલાં ભર્યાં શીવાય હવે છુટકો નથી.

શેઠજી, જ્યારથી આ ઘરમાં એમ થવા માંડયું છે ત્યારથી તો મને રાત્રે પુરી ઉંઘે આવતી નથી. જરા અવાજ થતાં જણકીને જાગું છું અને બીક નહીં રાખતા દીવો લઈ ધબકારો થવાને ઠેકાણે જઈ જોઉ છું પણ કોઇ કાંઇ નજરે પડતું નથી. કોણ જાણે ચોર કયાંથી આવે છે ને શું થાય છે. મારા વાલાને આજ ઘર મીઠું લાગ્યું છે.

રૂપાળી! તારો મને સંપુર્ણ ભરૂસો છે અને તું મારૂં હરેક કામ તારૂં જાણી બજાવે છે તે સઘળું મારી જાણમાં છે. તારા જેવા નોકર મને ભાગ્યેજ મળી આવશે. તારી મહેનતથી અને તારી સારવારથીજ આજ સુધી તારી સાથે વાત કરવા ટકી રહ્યો છું. તારી ધીરજજ મારા શરીરને ટકાવી રહી છે. જો ચોરી થતી અટકાવવાના ઉપાય હવે નહીં યોજવામાં આવે ને આમને આમ હમેશાં થયા કરશે તો આ દેહમાં પ્રાણ પરાણે રહી શકશે. જેટલું ધન ગયું છે તે પેદા કરતાં કેટલી બધી મુશીબત પડી હશે?

શેઠજી! એતો જેને વીતી હોય તેની પીડા તેજ જાણે. રૂપાળીએ કૃત્રિમ ઉદાશવૃત્તિ કરી કહ્યું. ચોરી શી રીતે થાય છે તે જાણવાની આપની મરજી હોય તો મારી કાકીની પડોશમાં એક બ્રાહ્મણ રહે છે તે બરાબર રીતે કહી આપે છે તેને તેડી લાવું.

એથી આપણને શો ફાયદો? નામ નિશાન જાણ્યું, પણ તે આપણને ન બતાવે કે ન આપે તો આપણે તેને શું કરી શકવાના? એ કરતાં સરકાર તરફથી કાંઈ ઉપાય લેવાય તો ચોર પકડાય અને ગયેલી મતા પાછી

આવે. રતનચંદ શેઠે સમજાવટની રૂઇએ કહ્યું.

પોલીસનું નામ સાંભળતાં રૂપાળીના હાંજા જરા નરમ થયા, અને મોઢું જરા હેઠે પડ્યું. પણ તે શેઠને કળવા ન દેતાં, શેઠ ભણી જોઈ બોલી.

શેઠજી! પોલીસની રીતભાત તો તમે જાણોછોને? માલ હાથમાં આવતાં અધર ઉડાવી ખરા ચોરને નસાડી ખોટાને ખડો કરી અરજદારના હાથમાં રાતી પાઈ પણ આવવા દેતા નથી. ઉલટા અરજદારને ધક્કા ખવરાવી ખરચમાં ઉતારી ખરાબ કરે છે. રૂપાળીએ દમામથી કહ્યું.

બધા એવા ન હોય! કોક નાદાને એવું કામ કર્યું તેથી બધાને ખરાબ કેમ કહેવાય? જો બધા એવા હોય તો દરબારની દેવડીએ કોઇ જાયજ નહીં. એતો ઉપરી અમલદારની અજાણતાના લાભેજ એ લહેર કરે છે. ઘણાંકના ધન ગયેલાં પાછાં આવ્યાં છે. અને તેવા કામ કરનાર કરોડોને બંધીવાન બનાવ્યા છે.

ઠીક! જો તમારી એમજ મરજી હોય તો મારા મોસાળના મોલ્લામાં દામોદર નામનો છુપી પોલીસનો આદમી રહે છે. તે એવાં કામમાં ઘણો હોશિઆર ગણાય છે, તેને આપની પાસે બોલાવી લાવું.

હા. હા. જા તેને બોલાવી લાવ. પણ તેની મહેનતનો બદલો આપણે વધારે આપવો ન પડે અને આપણું કામ થાય તેમ કરજે. શેઠે જરા આનંદમાં આવી કહ્યું.

રૂપાળી એક હાથમાં ચાહનો ખાલી પ્યાલો રકાબી સહીત લઇ બીજા હાથમાં પીપદાની લઇ નીચે ઉતરી, તે સઘળું બીજા નોકરને સ્વાધિન કરી તેને જોનારનું મન તેના ભણી ખેંચાય અને પોતાની શોભામાં વધારો થાય તેવાં કપડાં પહેરી ત્વરાથી દામોદરના ઘર ભણી ગઇ.

પ્રકરણ ૨ જું.

નારી ન મળે જ્યાં લગી, નહીં તેહને ચાય;
નારી વદન નિહાળતાં, તરત તેમાં લપટાય.

દામોદરદાસ પોતાના ઘરના બીજે મજલે રસ્તા પર પડતી બારી આગળ પડેલી ખુરશીમાં બેશી બીજી ખુરશી ઉપર પગ લાંબા કરી બેઠો બેઠો અત્યાર સુધીમાં પોતે કરેલાં કામની કારકીરદી પર વિચાર કરતો હતો. અહાહા! આજ સુધીમાં મારા હાથમાં ઘણાં મુશ્કેલી ભર્યાં કામ આવ્યાં હતાં, અને તેમાંનો મોટો ભાગ મેં ઈશ્વરેચ્છાએ પાર પાડયો છે. ધણાકચોરી, ખુન વીગેરેના ગંભીર અપરાધો કરનારાઓનો પત્તો મેળવવા સ્થાનિક પોલીસ અશક્ત થઈ હતી ત્યારે મારી ચાલાકીથી મેં તે ગુનેહગારોને શોધી કહાડી તેઓને ન્યાયાસન આગળ ઉભા કર્યા હતા. આથી મેં રાજ્ય તરફથી અને મારા ઉપરી અમલદારો તરફથી સારી નામના મેળવી હતી. કેટલાક દાખલાઓમાં પોલીસ એટલી બધી મુર્ખાઈ કરે છે કે ખરા ગુનેગારો સહેલથી છટકી જાય છે. આથી મને તેઓ પર ભારે ગુસ્સો થાય છે. જ્યારે કામ કરવાની ખબર અને સત્તા નહીં તે કામમાં અગ્રેસર શું કરવા થવું? અગર મદદમાં રહી ભાન શા માટે ન રાખવું. હુંશિઆર માણસ કોનું નામ? કે સેજ ઈસારો મળતાં પોતે કરવા નિકળેલા કામમાં ફતેહમંદ થાય. ઈશ્વરે એ ગુણ મારામાં સારા મુક્યા છે કે જેથી હજુ સુધી કોઇ પણ કામમાં પાછો પડયો હોઉં.

આમ વિચારમાં લીન થયેલા દામોદરદાસને તેના નોકરે આવી ખબર આપી કે શેઠજી! કોઇ જુવાન સ્ત્રી આપને મળવા ચહાય છે.

સ્ત્રી અને તે વળી જુવાન એ સાંભળી દામોદરદાસ ચમકયો અને વિચારમાં પડયો કે મને તે કેમ મળવા ચહાય ? મારા કામમાં ખલેલ પડે તે વાસ્તે તો હું તે વીઓથી સદા

દુર રહું છું. ઘણી સ્ત્રીઓ મારી ચાલાકીની કારકીર્દી સાંભળી પોતાના તીક્ષ્ણ કટાક્ષબાણુ મારા ભણી ફેંકે છે, પણ આ બંદા એવા નિર્બળ નથી કે તેણીઓના બાણોથી વિંધાઈ અશક્ત થઇ જાય. મારા ઘેર સુધી તે આવી છે માટે કાંઇ તેને મારી મદદની જરૂરીઆત હશે? એવામાં ફરી ચાકર બોલ્યો.

કેમ શેઠ આંહી આવવા દઉં કે?

હા. તેને આવવા દે.

આ આવનાર સ્ત્રી બીજી કોઇ નહીં પણ પોતાના શેઠને ઘેર ચોરીઓ થાય છે તે પકડી આપવામાં આ મહેનત કરે અને ગયેલો માલ પાછો લાવી આપે તે કહેવા માટે પોતાના શેઠની સંમતીથી રૂપાળી આંહી આવી હતી.

રૂપાળી તે ખરેખર રૂપાળીજ હતી. રાજકુમારીને લજ્જત પમાડે તેવું રૂપ, નવપલ્લવ જેવું યૌવન, પોયણી જેવું પેટ, કમળસમ કોમળ હાથ, કંદળી જેવી જંઘા, ચંદ્રસમવદન, વાસુકી જેવો કેસપાસ, અને મૃગને હીણસ્પદ પમાડે માટે તેવાં નેત્ર, અને તે ઉપર બળવાન પુરૂષોને બળહીન કરનારા ધનુષાકારે ભ્રમર હતી. ઓષ્ટ, તાંબુલના રંગથી પણ અધિક રાતા હતા. આંખના પલકારા વિદ્યુતને પણ વિસમૃત કરાવી દેતા હતા. નાજુક અલંકારથી તેના શરીરની સોભામાં અધિક વધારો થયો હતો. વેણીને ભલભલાનું ભાન ભુલાવે તેવી સમારી હતી. ચોળી, ચણીઓ અને સાડીથી પરનારીને નિંદનારનું ચિત ચળવચળ કરતી હતી. આ રૂપાળી રૂપે રંગે તો રૂપાળી હતી પણ મનની, વચનની અને આચરણથી તે કાળી હતી. તેની બહાદુરી, ચાલાકી વાચાળ અને મહેનતુપણાથી તેણે શેઠને વશ કર્યો હતો. પાણી પીવું હોય તો રૂપાળીને પુછીને પીએ. કોઇને કાંઈ આપવું હોય તો તેના હુકમ વિના શેઠથી કોઇને કાંઈ અપાય નહીં. આથી સઘળા નોકરો તેનો હુકમ ઉઠાવવા તત્પર રહેતા અને એક શબ્દ પણ આંખ ઉંચી કરી બોલી શકતા નહીં. ચાકરના

બતાવવાથી રૂપાળી, જ્યાં દામોદરદાસ બેઠેલા છે ત્યાં આવી આધુ ઓઢી ઉભી રહી. દામોદરદાસે, જે ખુરશી ઉપર પોતે પગ લાંબા કર્યા હતા તેના ઉપરથી પગ ખસેડી લઇ તે ખુરશી પોતાની ખુરશીથી જરા આઘી મુકીતે ઉપર બેસવા કહ્યું.

જાણે તે ઉપર બેસતાં બહુ શરમાતી હોય તેવો ડોળ કરી અંગ સંકોચતી અને મનમાં શંકા આણતી તે ઉપર બેઠી.

બેઠા પછી દામોદર બોલ્યો, બાઇ કેમ આવ્યાં છો ?

રૂપાળી ધીરે સાદે બોલી. તમારી કારકીર્દી સાંભળી, તમે મારા શેઠનું કામ ફતેહમંદીથી પાર ઉતારશો એ આશાએ તમારી પાસે આવી છું, એટલું બોલતાં બોલતાં તેણીનો ખુબસુરત ચહેરો દેખાડવા અને તેમાં તેને લુબ્ધ કરવા મોં પરનો છેડો તેણીએ દશ બખત આઘો પાછો કર્યો.

દામોદરને બદલે આ વખતે બીજો માણસ હોત તો તેણીના આવા ચાળાથી તે એકાંતનો લાભ લીધા વિના રહેત નહીં. પણ આને તે ઉપર બીલકુલ લક્ષ નહીં આપતા અને તેને હજારો સ્ત્રિઓની સુંદરતાથી અધિક સુંદરતા નિહાળતાં છતાં તેમાં નહીં લોભાતાં તે બોલ્યો. તમારા શેઠ પર એવી શી આફત આવી પડી છે કે જેને તમને મારી પાસે મોકલ્યાં છે ?

તેણી ઉદાશ ચહેરે પણ અનેક ચાળા કરતી બોલી. મારો શેઠ ઘણો પૈસાદાર છે પણ તે એવો વહેમી છે કે પોતાની મીલકત પોતાની નજર આગળથી જરા પણ દુર કરતો નથી તેને બેંક ઉપર બહુ અવિશ્વાસ છે, શેરોથી સદા દુર રહે છે, ધીરવામાં બહુ બીકણ છે અને વેપારથી બહુજ ડરે છે. તેના ઘરમાં સ્ત્રીમાં ફક્ત હું એકલીજ છું. બુઢો છતાં કન્યા આપવા આવવા વાળા બહુ પૈસા માગે છે તેથી માંગાંને આઘાં આવવા દેતો નથી. દીવા પાછળ અંધારૂ છતાં પુન્ય મારગે પાઈ વાપરતાં વાઈ આવે છે. એ સઘળા માટે મેં એને બહુ બહુ સમજાવ્યો છતાં ચાર હઠોથી ઉતપન્ન

થયેલી જાણે પાંચમી હઠ ન હોય તેમ તે પોતાની હઠને જરા પણ છોડતો નથી, આથી તેના પૈસાનું હરણ વારે વારે થાય છે. આટલું થતાં પણ તેની આંખ ઉઘડતી નથી. પૈસા ખરચ થાય તે બીકથી પોતાના ઘરમાં થતી ચોરીઓને પણ પહેરેગીરને જણાવતો નથી. પોતાથી બન્યું તેટલો ખાનગી તપાસ કર્યો પણ તેમાં નહીં ફાવવાથી આખરે થાકી ચોરને શોધી કાઢવા અને ગયેલું ધન પાછું લાવવા મને આપની પાસે મોકલી છે.

બંધમાં પડેલાં પ્રાણીને છોડાવવા તેના માલીકથી કોઇ છાની યુક્તિ કરે તેમ રૂપાળીએ દામોદરે કેદ કરેલા કામને છોડાવવા યુક્તિઓ કરી.

આ યુક્તિઓને કળ્યા છતાં આનાથી પોતાના કામને જશ મળશે એમ ધારી અખાડા કરી ગયો. અને બોલ્યો. હું તે કામ ઘણી ખુશીથી બજાવીશ, અને પરમેશ્વર કરશે તો મારી બનતી મપેનતે ગયેલા સઘળા માલને તમારા શેઠના હાથમાં સોંપીશ પણ. હે—

સ્મિત હાસ્યથી રૂપાળી મનમાં બોલી. શું તારૂં કપાળ સોંપીશ! તે માલની માલીક તો આ તારા સામે બેઠી છે તે થઇ છે. બધેથીતો જસના પોટલા બાંધી આવ્યા છો, પણ આંહીથી કેવી રીતે બાંધી જાઓછો તે હું જોઉં છું? બચ્ચા બધે ગયો છું પણ ખેરવે નહીં ગયો હોય? તમારી હુશિઆરી સ્રીના ચરીત્ર આગળ જરાએ ચાલવાની નથી. હજારો ઘરમાં પેશી તારૂં કામ સાર્યું હશે? પણ એકજ સ્રીના ઘરમાં પેશી તારૂં કાર્ય સાધવું દુઃસાધ્ય છે. દામોદર બોલતાં અચકયો તેથી, કેમ અચકયા? જે કારણ હોય તે સુખેથી બોલો. આ દાસી સર્વ રીતે બજાવવા તૈયાર છે.

બાઇ! ફક્ત તેમાં તમારી મદદ જોઇશે. કારણ કે તમારા શેઠના ઘરથી તમે સર્વ વાતે ભોમિઆં છો.

આંખોના ઉલાળા કરતી રૂપાળી બોલી. ઘણી ખુશીથી. આપનો હુકમ થતાંજ હાજર છું.

રૂપાળીના માર્મિક કથન દામોદર સર્વ સમજી ગયો. અને મન સાથે વિચારવા લાગ્યો કે, તેની આવી વર્તણુકથી ચીડાઇ તેને હાંકી કાઢીશું તો આપણા કામમાં ફતેહ મેળવતાં ભારે મુશ્કેલી નડશે. આજ સુધીના ઘણા ખરા કેશો એટલે લગભગ ચૌદઆની ભાગ સ્ત્રિઓની મદદથીજ પાર ઉતાર્યા છે. મારા સુંદર ચહેરા અને કામની કીર્તિથી મચડ વાળી સેંકડો મહિલાઓએ પોતાના માન મુંકી મારૂં ધ્યાન લગાવ્યું છે, તો આ મને જોઇ પોતાનું ભાન ભુલે તેમાં નવાઇ શી. મેં હજારો સ્ત્રીઓ નિહાળી પણ આના જેવું રૂપ અને અંગનો આકાર મારા જોવામાં કોઇ પણ ઠેકાણે આવ્યો નથી. અહાહા ? શું તેની મુખાકૃતિ! જાણે પુર્ણિમાનો પુર્ણચંદ્ર ! સાધારણ કદના બિલફળ જેવાં તેનાં સ્તન; મારી આંખ પોતાની ભણી ખેંચે છે. આ એના અધરામૃત, તેનું પાન કરવા મને સુચવે છે. ગુલાબે આવી તેના ગાલપર વાસો કર્યો છે ને શું ? અહા ? તેના ચપળ નયનો મારા મનને કેવું વિકળ કરે છે ? તેનું જબકતું જોબન, મારા હર્દય મંદિરમાં વિના પ્રયાસે પેશી ગયું. જે સેંકડો સ્ત્રીના નયન બાણોથી નહીં હારેલો તે એક સ્રીના થોડા પ્રહારથી હણાઇ અશક્ત થયો છે. અહા ! કેવી અજબમોહીની. ? ! રશિલી !

હાં, હાં, હાં. આ શું બોલ્યા ? વિસ્મયતાનો ડોળ કરી રૂપાળી બોલી. કોઇ સાંભળશે તો તમારી કીર્તિને ઝાંખ લાગશે. જાઓ મારા સાહેબ ? આમ વાત કરતામાં શું લોભાઇ જાઓ છો. આવી વર્તણુક રાખશો. તો તમારી પાસે સ્રીઓ પોતાના કામ માટે શી રીતે આવી શકશે ? તમારા જેવા કામ વાળા માણસને આવી રીત છાજે કે ?

આવા વેણોથી દામોદરદાસ ખશિઆણો પડી ગયો. અને પોતે ચલાવેલી ચાલથી પસ્તાવા લાગ્યો કે—અરે ? હું આ શું કરૂં છું ? જે કામને હું અત્યાર સુધી ધિકારતો, તે કામને વશ કેમ થયો ? આજ મારી મતિ કેમ મુંઝાઇ ગઇ ? હું વિષ પીવા કેમ ઉભો થયો ? સેંકડોની આશાને નિરાશ

કરેલી છતાં વિના આશાવાળીથી આમ કેમ ? ધિઃકાર હો. ધિકાર હો.

કેમ હવે મને જવાની આજ્ઞા છે ! મારા વિના મારા શેઠ બહુ મુંઝાતા હશે.

નિચું મોં રાખી દામોદર બોલ્યો હા. જાઓ.

પણ, મારા શેઠના કામનું શું ધાર્યું ? રૂપાળી ખુરશી ઉપરથી ઉભી થઇ બોલી.

જરા વિચારમાં પડી દામોદર બોલ્યો. કાલ સવારે હું તમારા શેઠ પાસે આવીશ. અને તેમનો કેટલોક ખુલાસો લઇ એ કામની તપાસ ચલાવીશ.

બહુ સારૂ. પણ તમે તમારા સરકારી વેશથી આવશો તો હું નથી ધારતી કે તમે તમારા કામમાં ફતેહ મેળવી શકો. રૂપાળીએ કહ્યું.

ત્યારે તમો કહો તે રીતે આવું દામોદરે સવાલ કર્યો.

રૂપાળી જરા નિસ્તેજ વદને બોલી- પુરૂષને ન છાજતું કામ કરવાનું કહેતાં મને બહુ શરમ આવે છે. પણ એ વિના એ સાળાઓ ગાંઠે તેવા નથી ને ?

ફીકર નહીં, તમે કહેતાં જરાએ ના મુંજાઓ. વેશ પલટવાનો તો અમારો ધંધોજ છે. અને એથીજ અમે અમારા કામમાં ફતેહ પામીએ છીએ. બોલો બેધડકપણે બોલો.

અવિનય માફ કરજો. મારા શેઠની બેનનો સ્વાંગ સજી આવજો એટલે તમારો બેડો પાર ? તે મારા શેઠ જેવી બુઢી છે પણ ઉંચી તો તમારા જેટલીજ છે.

હું ! એમકે ? ત્યારે તો ઠીક પણ તેના કપડાં જરા મને મોકલાવાં પડશે.

બહુ સારૂ. હું આજ સાંજેજ તે મોકલી આપીશ. એમ કહી નીસરણી ઉતરવા માંડી. એક પગથીયું ઉતરી નહીં એટલામાં દામોદર બોલ્યો. એતો ઠીક ! પણ તમારે મદદમાંથી છટકી જવું ઠીક ફાવશે નહીં.

હું તો તૈયારજ છું. અને તે વિષે પ્રથમજ આપને કહી

ચુકી છું. આપ તે સબંધી કોઇ પણ રીતે ગભરાતાના. રૂપાળી મો મલકાવી બોલી.

ઠીક ત્યારે, હવે પધારો. દામોદરે કહ્યું. પણ તમારા શેઠ શિવાય મારી હાજરીની જાણ કોઇને થવી જોઇએ નહીં. બેફીકર રહો પણ આવવાનું ભુલશો નહીં હો ? આપનો ઉપકાર નહીં વિસરીએ.

નચિંત રહો. હું જરૂર આવીશ. પણ મેં કહ્યું તે મોકલવા ચુકતા ના.

જરૂર મોકલાવીશ. ઘણું કરી જઇને તરતજ મોકલાવુ છું ઉતરતાં ઉતરતાં રૂપાળીએ કહ્યું. અને જતાં જતાં એ પાછાં કટાક્ષ બાણ મારતાં ચુકી નહીં.

એથી તેણીના ગયા પછી દામોદરને સુર્યનો અસ્ત થવાથી જેમ કમળ અને ચક્રવાકનું જોડું તીમીરથી મુઝાય છે તેમ થયું. ચંદ્રને ક્ષીતીજમાં ડુબવાથી તે અઘોર અંધકારમાં આમતેમ અથડાવા લાગ્યો.ઘડીમાં આગળ જાય ઘડીકમાં પાછો વળે. એમ કરતાં કરતાં એક ઠેકાણે ઉભો. અહં! એમ જવું તો નહીંજ. તેમ તેને છોડવી પણ નહીં. કારણ કે એક તો શેઠની માનીતી, તેમ ઘરની વડી કારભારણ, અને વળી ડોસાની પુંજીની, મનની, તથા માલમીલકતની, અને નોકર ચાકરની રીતભાતથી જાણીતી છે. અને તેનાથીજ આપણા કામમાં પુરતી મદદ મળે તેવી છે. માટે તેની સાથે મલીન નહીં પણ નિર્મળ પ્રિતિ રાખવીજ ! આમ મન સાથે મકમ ઠરાવ કર્યો. કે નિચેથી જમવા માટે આમંત્રણ થવાથી તરતજ ઉઠી નિચે ગયો.

પ્રકરણ ૩ જું.

ચોરીનો કરનાર જન, રાખે બહુ સફાઇ;
ઢોંગ સોંગના દાવથી, લોક મરે અંજાઇ.

તેજ સાંજના રતનચંદની બેનનો પોષાક આપી રૂપાળી કાંઈ પણ વાતચીત કર્યા વિના પણ હૃદયને વિંધે એવી આંખ નચાવતી ચાલી ગઇ.

બીજે દીવસે દામોદરદાસ તે પોષાકને અંગ ઉપર ઓ- રવી આબેહુબ રતનચંદની બેનના જેવોજ બની ગયો. કો- ઇની મગદુર નહીં કે તેને પુરૂષ રૂપે પારખી શકે. આવું રૂપ કરી દામોદરદાસ રતનચંદની દેવડી ઉપર આવ્યો. અને તેને જોતાંજ હુકો ગગડાવતો સિપાઈ ચમકયો. તે ચમકવા- નું કારણ એ હતું કે તેને જેટલાં વરસ નોકરી કરતે થયાં હતાં તે દરમાયાનમાં ઘરમાં રહેલી દાશીઓ શિવાય અવર નારી આવતી જોઈ હતી નહીં. દરવાજામાં પેસતાંજ તે પહેરેગીરે તેને ટોકી. બાઇ તમે કોણ છો? અને તમારે કોનું કામ છે?

સ્ત્રીવેષે આવેલા દામોદરે દમામથી જવાબ આપ્યો. તારે તેનું શું કામ છે? કેવા પાજી નોકરો રાખેલા છે? કે ઘર- ના માણસોનેએ ઓળખતા નથી? મારા ભાઇ ઉપર છે કે નીચે?

કોણ તમારો ભાઈ, બાઇ? પહેરેગીરે સભયતાથી પાછું પુછયું.

કોણ મારો ભાઈ તે હમણાંજ તને ખબર પાડું છું. મને તેને મળવા તો દે. એમ દમ મારી સડસડાટ કરતો બીજા દરવાજામાં દામોદર પેસવા જાયછે કે તરત રૂપાળી સામી મળી. તે પણ તેને ઓળખી શકી નહીં, અને કોઈ દીવસ ફઇબા આવતાં નથી ને આજ આ શું? આમ વિચાર કરતી વિ- સ્મય થઇ બોલી. કોણ ફઈબા! ? આજ ઘણા દીવસે તમારાં પગલાં! પધારો. તમારા ભાઇ છેક ઉપરછે.

ફઇબાનું નામ સાંભળી પહેરગીર બિચારો શુન હૃદયનો થઇ ગયો. અને શેઠજી હવે શું કહેશે અને શું કરશે એ ફીકરમાં હાથમાંના હોકાની નેહ ખાલી હોઠ પર મુકી વિચાર કરતો બેઠો.

રૂપાળીએ પોતાનું વાકય પુરૂં ન કર્યું એટલામાં તેનો હાથ ઝાલી સ્ત્રી વેષે આવેલો દામોદર તેને અંદર ઘસડી ગયો. અને કોઇને ન નિહાળતાં મુખપરનો છેડો જરા આઘો કરી તેને પોતાનું મુખ દેખાડયું.

આથી રૂપાળી ભારે આશ્ચર્ય પામી, અને આ આશ્ચર્યતાથી પોતાનું ભાન ભુલી બંને હૃદયનો ભેટો કરી દીધો.

હું. હું. કરતો દામોદર તરત આઘો ખસ્યો. અને પોતાને પ્રથમ રૂપાળીએ ન ઓળખ્યો તેથી તે પોતાને હોંશિઆર માનવા લાગ્યો. રૂપાળીના આલિંગનથી લલચાઈ આગળના શુદ્ધ વિચારો તેના હૃદયમાંથી નાશી ગયાં. એથી તેને રૂપાળીને આંગળીએ વળગાડી રતનચંદ બુઢો જ્યાં ચિંતાથી પાસાં ઘસતો હતો, તે તરફ જવા માંડયું, અને નિસરણીના પગથીઆ ચડતાં ચડતાં બે ચાર ચુંબનો કરી દીધાં. જ્યાં એક માળ ચઢવો બાકી રહ્યો તેને માણુસ વગરનો જોઈ દામોદરે કામના આવેશથી રૂપાળીને ગાઢ આલિંગનથી હૃદય સાથે ચાંપી.

આ બધું રૂપાળી પોતાના કાર્યમાં ફતેહ મેળવવા અને માલસહીત સહીસલામત છટકી જવા મુંગે મોઢે એ બધું સહન કરી રહી.

રૂપાળી અનિતીવાળી નહોતી, તેમ એ રસ્તે દોરાવાને તેને દામોદરને તિક્ષણ બાણુથી તાણ્યો નહોતો. પણ પોતે કરેલા કામમાં ફતેહમંદ થવા આ યુક્તિ આદરી હતી. બાકી રહેલા માળપર ચડતાં ચડતાં મુખ મલકાવિ દામોદરના હૈડાને આનંદ આપતી તેના ભણી પોતાની ચળકતી આંખ રાખી બોલી. હેઠળ તો અં અં કરતા થાને ? એ બધું સઘળાને દેખાડવાને કે ? વાહરે તમારી ચાલાકી ! જો જો હો ? જેમ મારાથી હારી ગયા એમ બીજાથી હારી જાઓ નહીં. જાણે વાતનો છેડો આવ્યો હોય તેમ છેલ્લુ પગથીયું બાકી રહ્યું તે ઉપર ચડતાં આગળ રૂપાળી અને પાછળ સ્રી વેષે દામોદર એમ રતનચંદ શેઠ સુતેલા છે તે ખંડમાં દાખલ થયાં.

શેઠ પાસુ વાળી સુતા છે તેને હાથ અડકાડી બોલી—શેઠજી ! સેં આપને કહ્યુ હતું તે પ્રમાણે તે સખ્સ હાજર થયા છે.

આ સાંભળી આંખો ચોળતા ચોળતા શેઠે પાસું રૂપાળી ભણી ફેરવ્યું. અને આંખ અડધી ઉઘાડી ખોખરા સાદે સામી પડેલી ખુરશી ઉપર સાથે લાવેલાને બેસાડવા કહ્યું.

રૂપાળી, દામોદરને બેસાડી નીચે ગઈ, અને બન્નેને માટે દાતણપાણી ઉપર લાવી. દામોદર ઘેરથી દાતણપાણી કરીને આવ્યો હતો માટે દાતણ કર્યું નહીં. તે લોટો પાછો લઇ જઇ બે પ્યાલા દુધના ભરી તરત જ પાછી ઉપર આવી; અને બને પ્યાલા બે જણની સામા ધર્યા. શેઠ તો વાટ ન જોતાં ગડગડાટ ગડગડાવી ગયા, પણ તે ન લેવા દામોદરે ઘણી આનાકાની કરી ઘણો ભાવ ખાધો. શેઠનો આગ્રહ જોઇ તથા રૂપાળીના પ્રેમની ખાતર ઘેરથી પીને આવ્યા છતાં તે પ્યાલો ચઢાવી દીધો.

રતનચંદ શેઠનો સેંકડો રૂપીઆનો માલ લુંટાઇ જવાથી પ્રથમ કરતાં તે બમણો કઠણ હૃદયનો થઈ ગયો હતો. તેમ કરડા સ્વભાવનો થવાથી તે જરા જરામાં સર્વપર છેડાઇ પડી ચીરડાઉ છોકરાં માફક જેની તેની સાથે બાઝતો હતો. તેની બેનનો વેશ લીધેલો તેને રૂચ્યો નહીં. પણ તે અણગમો તેને મનમાં રાખી સ્રીવેશે આવેલા દામોદરને તેનું કામ આરંભવા પરવાનગી આપી, અને બોલ્યો કે ધાડપાડુઓ પકડાતાં તેઓને પરમેશ્વર પાસે પહોંચાડી દેવા કે ફરીથી તેના ઘરમાં ચોરી થતી અટકે, પણ તે કામ પાર મુકતાં ખરચનો અંકુશ રાખવો.

બહુ સારૂ કહી નમીને તેજ વેષે દામોદર જ્યાં નોકર ચાકરનો સમુહ હતો ત્યાં આવ્યો. આ નવિન આવેલી સ્રીને જોઇને સૈ કોઇ આશ્ચર્ય પામ્યા. પણ રૂપાળીએ આવી સર્વને આશ્ચર્યતામાંથી દુર કરવા તે બોલી. આપણા શેઠના ઘરમાંથી માલ તફડાઈ જતો જાણી આંહી થોડા દીવસ રહેવા સારૂ આવેલાં છે. આ સાંભળી સર્વ ખુશી થયાં અને સાષ્ટાંગ દંડવત કર્યા. તે દીવસ તો સ્રી વેષે રહેલો દામોદર કાંઇપણ

બોલ્યો નહીં પણ જેનું જેનું નામ જાણવામાં આવ્યું તેને એકાંતે લઈ જઈ મીઠી મીઠી વાતોમાં મન લગાડી ચોરી કોણ કરે છે, ઘરમાં કોણ કોણ આવે છે, અને શી હિલ ચાલે છે તે વિષે ઠરાવી ઠરાવીને પુછવા લાગ્યો.

બીજે દીવસે આવેલા ફુઇબાને જ્યાં સુવાનો ઓરડો આપ્યો હતો ત્યાં એક ચાકર સવારે વાશીદું વાળવા આવ્યો તેને પોતાની પાસે બોલાવી આડીઅવળી વાતો કરી ધીરે સાંસતે પુછ્યું. અલ્યા મગન ! તમે આટલા બધા માણસો છતાં ઘરની કાંઇ પણ ખબર રાખતા નથી ? કેવા નિમકહરામ છો ? જેનું ખાવું તેનું જરાએ સંભાળવું નહીં ? આ બધું તમારી ગેરહાજરીનું પ્રણામ છે. તું આ વાતમાં કાંય જાણતો હોય તો કહી દે. જેથી તારા શેઠની સાથે તારૂં પણ ભલું થશે. જો નહીં કહે અને લેનાર પકડાશે તો તું પણ તેઓની સાથે વગર વાંકે માર્યો જઇશ. તમારા નોકર ચાકર શિયાય આ કામ કોઇ પરાયાનું નથી. પાપ છુપું નહીં રહે અને આખર ચોરી કરનાર હાથ ઘસતો રહેશે. પછી જેવિ તારી મરજી. હું તો તારા સારા માટે કહુંછું બા. મારાપર જરાએ રીશ કરતો ના.

મગન દીનતાથી બોલ્યો. ફુઇબા ? તમારૂં કહેવું હું માથે ચડાઉ છું. પણ આ કામમાં હું કાંઇ જાણતો હોઉ તો મને મારા ગળાના સમ છે. અમે સઘળા ઘણીએ તપાસ કરીએ છીએ પણ ચોરી શી રીતે થાય છે તેની જરાએ ખબર પડતી નથી.

તમે એમ માનવાના છો. એ તો ઝેરબંધના માર ખાશો ત્યારે ઠેકાણે આવશો.

ફુઇબા, ધણીની ખુશીમાં આવે તે કરે એમાં અમારેથી આડે પડાય એમ છે? ગમે તેમ કરશે પણ અમે લીધા વગર ક્યાંથી લાવીએ તેમ છીએ.

બહુ સારૂ જેવી તમારી મરજી. એમ કહી તે ઓરડામાંથી ફુઇબા થયેલા દામોદરદાસ બીજા ઓરડામાં ગયા, અને

એક ચાકરને સીધું કાઢતો જોઇ તેની પાસે ઉભા રહી ઘુર-કી કરી બોલ્યા. કેમ અલ્યા રણછોડ ! ઝાઝીવારથી આંહી શું કરે છે ? રડયાઓએ આમને આમ કરી મારા ભાઇને ભીખ મગાવી. માલ આ ઓરડામાં સંતાડયો છે કે બીજે કાંઈક ? જે હોય તે જલદી બતાવી દે. તારીવતીની મને પુરેપુરી ખબર મળી છે. સીધી રીતે નહીં બનાવે તો તને પોલીસના સીપાઈને સોંપી દેવો પડશે, સમજ્યો ?

આ સાંભળી સીધું કાઢવું પડતું મુકી સ્તબ્ધ થઇ તેની સામા નિમેષ નેત્રે જોઇ રહ્યો. એક શબ્દ બોલવાની તેનામાંથી હાય જતી રહી. શો જવાબ આપવો તે પણ કાંઇ સુઝયું નહીં, પણ નેત્ર નિંગાળતો, અને પહેરેલા ધોતીઆને છેડે આંસુ લોતો, ફઈબા આ શું બોલે છે એમ વિચાર કરતો ત્યાંને ત્યાં જ ઉભો.

તારા રોવાથી ડરી જવાનાં નથી. હરામનો માલ નથી આવ્યો તે તેને જતો મુકીએ. ભાઇ, પેદા કરનારને પુછી જો કે પેદા કરતાં કેટલો પરસેવો ઉતરે છે ? ફઈબા થઈ આવેલાએ તેને એકદમ ઉધડો લીધો.

ફઈબા ! તમે આ હું બોલો સો ? આ છેઠના ઘરમાં રહે મને પાંસ વરહાં થયાં પણ એક રાતી પાઇ પણ સાની માની નહી ઉઠાવી, સોરી હી રીતે થાય હે તેઝ હું તો પુરૂ હમજતો નહી.

ખરો સાવકારનો દીકરો ! હું સર્વને સારી પેઠે ઓળખું છું ? ડોળા ઘુરકાવી ફઇબા થઇ આવેલો બોલ્યો. એ તો તમારા કરમમાં જ બાજરાના રોટલા ને અડદની દાળ છે તે ત્યાં ખાધાજ કરજો. હાલ તો સીધું લઇને ઝટ જા, પછીની વાત પછી છે.

બીચારો રણછોડ જેમ તેમ કરી સીધું લઈ નીચું મોં રાખી નીચે ગયો. એ ચાકરને વલોવતાં તેમાંથી કાંઇ માંખણ નીકળે તેવું જણાયું નથી. તે દીવસ તો ફક્ત એ બેને તપાસી પોતાનું કામ બંધ કર્યું. અને પોતાને આપેલા ઓર-

ડામાં જઈ છાપું વાંચતો બેઠો. છાપાના ફકરા એક બે ઉપર નજર ફેરવી નહીં એટલામાં રૂપાળી લટકો કરિ ચાહ આપવાના મસે આવી. ઓરડામાં ઉંબરપર પગ મુકતાં જ બોલી- કેમ શું ગાય છે !

એટલો શબ્દ સાંભળતાંજ વર્તમાન પત્રમાંથીપોતાનું માથું ઉંચું કર્યું. અને રૂપાળીને નિરખતાં વર્તમાન પત્રની ઘડી વાળ્યા વિના એમનું એમ જમીન ઉપર નાંખી બોલ્યો—આ જરા છાપુ વાંચવામાં શું'થાયો હતો.

અહું ! કાંઇ છાપામાં નવા જુનું છે કે ? રૂપાળી નેત્ર નચાવતી બોલી.

છાપું વાંચતાં નવામાં તમે જડી આવ્યાં, અને જુનું હતું તેને નીચે નાંખી દીધું ? દામોદરદાસ મહો મકલાતી બોલ્યા.

જાઓ મારા સાહેબ ! આમ મશ્કરી શું કરો છો ? ચાહ પાવા આવ્યાં તેનો આ શરપાવ કે ?

એમ ના બોલો મારા સરકાર ! મારા હૈયાના છો હાર ! ને તમારા ઉપર છે મારા કામનો આધાર. આજ ચાહથી રાજી રાખશો કે ? ચાનો પ્યાલો તેણીના હાથમાંથી લઈ દામોદરદાસ બોલ્યા.

જેવી તમારી ઇચ્છા. પણ આજની તપાસમાં કાંઇ પરીણામ જણાયું કે ?

અત્યાર સુધીમાં ફક્ત બે માણસની તપાસ કરી પણ તેમાંથી કાંઇ તત્વ જડયું નહીં. આગળ જે થાય તે ખરૂં.

ચાહ પી રહ્યા પછી પ્રેમાવેશથી પ્યાલો તેણીના કરમાં મુક્યો. મુકતાં જ વાંકી ભ્રકુટી કરી તેની મુર્ખતાથી ઉપર મંદ હાસ્ય કરતી રૂપાળી ચાલી ગઇ.

રૂપાળી ગયા બાદ દામોદરદાસ બોલ્યો. અહાહા ! કેવો તેણીનો મારાપર પ્રેમ ! તેના નયનનો નાચ, હસવાની ખુબી, અને તેનું ઠમકતું ચાલવું, મારા નેત્રને કેવા આનંદ આપે છે? તેણીનો મધુર સ્વર વીણાની કેવી ગરજ સારે છે ? તેની વેણી

થી ભલભલાં લજ્જાયમાન થાય તો હું વશ થાઉ તેમાં નવાઇ જ શી ? તેનું તેજોમય લલાટ, અને તેની મધ્યમાં કરેલી કુમકુમની આડ, ગુલાબી ગાલ, ગૌરવર્ણું અંગ, અને ચંદ્રમા સમ વદન, મારા સદનમાં સમરને ઉત્પન્ન કરે છે. રૂપાળી, તે ખરેખર રૂપનીજ પુતળી છે. એ મનને મોહક છે ખરી, તે દુર જતાં તેની પાછળ મારૂં ચીત જાય છે ખરૂં, પણ તે સઘળું કામ સધાય ત્યાંજ સુધી છે. જો એની મરજીને વશ ન થાઉં તો પછી મારા કામમાં જશ કયાંથી ખાઉં. એમ વિચારતાં પાછો વર્તમાન પત્ર વાંચતો બેઠો, અને ભોજન સમય થતાં સાદ પાડવાથી પુઇબા વેષે ભોજનગૃહમાં ગયો. ત્યાં રૂપાળીબાની સારવારથી શેઠ કરતાં અધિક માલપાણી મળ્યાં તે આરોગી તેજ વેષમાં શેઠ પાસે ગયો. અને ત્યાં મુખવાસ કરી આડા અવળાં બે ચાર ગપાં સપાં મારી પાછો પોતાને આપેલા સ્થાનપર આવ્યો, ને તે જમણની ખુમારીથી સારી રીતે ઉંઘમાં પડયો.

વળી તેજ રાતના બત્તી કરવા આવનાર હમાલને બડાવવા માંડયો. અલ્યા મકનજી આમ આવ, મેં સાંભળ્યું છે કે આ ઘરમાં થતી ચોરીઓમાં તું સામેલ છે, તે સાચી વાત કે ! હે જે હોય તે સાચેસાચું કહી દેજે. સાચું બોલીશ તો તારી વાત કોઇને કહીશ નહીં, ને કદાચ તારૂં તેમાં નામ ગણાશે તો હું ઉડાવી નાંખીશ. કદાચ પકડાઇશ તોપણ તારો બચાવ કરીશ. તને ફસાવા નહી દઉં, હરેક રીતે હું ઉગારી લઇશ. પણ જો જુઠું બોલ્યો તો પછી જો તારી વાત !

ફઇબા ! આ તમે શું કહો છો ? કોણે તમને મારૂં નામ દીધું ? મકનજીએ તો ફઇબાને ઉધડાં લીધાં. જેને તમને મારૂં નામ દીધું હોય તેનું નામ મને કહો. કહેનારની સાળાની જીભ વાઢી નાંખું. મારૂં એ જુઠું નામ દેનાર કોણ ! સાળો કદાચ પોતે જ ચોર હશે તો ? એના બાપનું નામ ભલું સસ્તું ભાળ્યું.

તું આટલો આકળો ન થા. હું તે ખરૂં કરાવીજ આવીશ. મને તારૂં નામ આપનારે પણ ખાત્રી કરીને જ આપ્યું છે. આ-

મ ગાંટા કાઢી ડરાવ નહી. એ તો તારા ભોળા શેઠ ડરે. હું ડરવાની નથી.

આમાં ડરાવવાનું શું હતું ? તમને વાત કરનારને બોલાવો મારા સામે. જો નહી બોલાવો તો મારો જીવ આપીશ, સમજ્યાં! એમ પારકું નામ જુઠું દેવાનું નહીં ? હાં.

હવે શાહુકારના છોકરા બેશ છાનોમાનો ! આમ કરી તારી સિદ્ધાઇ બતાવી, મને આમ બીવરામણી ના બતાવ ! ફઇબા થઇ આવેલાએ જરા ડોળ ઘુરકાવી કહ્યું. જાણીએ છીએ તું શા છે તે.

અમે ચોર છીએ તો અમારા ઘરના! તમારે સાત વાર પરવડે તો રાખજો. આમ જરાએ ડરાવશો નુહીં; તમારે ચાકર ઘણા તો મારે શેઠ ઘણા. હાથ પગ સાજા હશે તો શેર બાજરી ગમે ત્યાંથી પેદા કરી લઇશું, પણ આવો ખોટો આરોપ નહીં સાંખવાના. ના પાલવે તો મારો પગાર ચુકાવી અપાવો, એટલે હું મારે ચાલતો થાઉં. નથી કરવી મારે તમારી નોકરી. મકનજી આંખો કહાડી બોલ્યો.

અલ્યા આટલું બધું ફાટયું ફાટયું કેમ બોલે છે ? તને કાળો ગોરો કહેવાય નહીં કે શું ? કોઇએ અમને કહ્યું ને તને પુછયું તેમાં આટલો બધો ચડી શાનો જાય છે ? ઘરમાં કાંઇ જાય આવે તે તને પુછીએ નહીં કે ? આવેલા ફઇબા જરા ધીમા પડી બોલ્યાં:—

પુછવાનું તમને કોને ના કહી. પણ જરા રીતસર અને માણસ ઓળખીને પુછો. પુછવાની રીતે પુછાય, આમ ન પુછાય. તમારે તો ઠીક છે, પણ અમારે તો શેર બાજરી રળી ખાવી છે. અમારી કોઠીએ તમારી પેઠે જાર નથી ભરી રાખી કે બેઠા બેઠા ખાઇએ. મકનજી પણ જરા ધીરે પડી બોલ્યો

ઠીક, ઠીક. જા, તારૂં કામ કર્ય. એટલું કહેતાની સાથે દીવાબત્તી કરી મકનજી બીજે સ્થળે પોતાનું કામ કરવા ચાલ્યો ગયો.

મકનજીના ગયા પછી દામોદર વિચારવા લાગ્યો કે ત્રણ જણનો ચોખો ચાંપી જોયો પણ એમાં કાંઇ પાણી મરતું જણાતું નથી. બાકી રહ્યા છે તેઓને તપાસતાં કાંઈ જણાય ત્યારે ? એ વિચારમાં ને વિચારમાં દામોદર નિંદ્રાદેવીને વશ થયો.

રૂપાળા તેમ થઇને જતાં દામોદરને ઉંઘતો જોઇ બોલી. વાહરે ચોર પકડનાર ! શું તારા બાપનું કપાળ ચોર પકડનાર હતો. જે ચોર છે તેતો સાઠ ઘડી તારી પાસેજ રહે છે. જેને દેખી તું આંધળો બની ગયો છું. એવો ભોળો ચોર નથી કે તે તારા હાથમાં સટ લઇને આવી જાય. તારામાં ચાહે તેટલું ચરીત્ર છે પણ અમારાં ચરીત્રથી કાંઈ તે ચડે તેમ નથી. ભલ ભલા ચમર બંધી ને ભૂ પાઇએ તો તું કોણ માત્ર ! તારી સાથે સ્નેહ ફકત મારા કામમાં ફતેહ મેળવવા માટેજ બાંધ્યો છે, કાંઈ આડે રસ્તે ચાલવા નથી બાંધ્યો. હુંજ ખરી કે મેં તફડાવેલો માલ તારી પાસે ઉચકાવી મારે બેસવા આણેલી ગાડીમાં મુકાવું અને તારે હાથેજ મને રેલગાડીમાં બેસાડી જઇ છેલ્લી સલામ કરાવી સટકી જાઉ તોજ હું ખરી. આટલું કહી થુકાર કરી ત્યાંથી પોતાના સુવાના સ્થાન પર ગઇ.

બીજે દીવસે કુકડા બોલતાની સાથે ઉઠી પોતાનું આહ્નિક કર્મ કરવામાં ગુંથાયો. પ્રાતઃ સમરણ કરી ઉઠયો કે તરતજ એક ચાકર દાતણ પાણી મુકવા આવ્યો. મુકીને જેવો પાછો વળે છે તેવોજ તેને ઉભો રાખી બોલ્યો. અલ્યા ખેમલા ! જરા ભટ મહારાજને મારી પાસે મોકલજે. તે ચાકર બહુ સારૂ કહી નીચે ગયો, અને તેના કહેવાથી ભટ મહારાજ ભવાનીરામ તાકીદે આવ્યો.

ફઇબા ? અત્યારમાં કેમ બોલાવ્યો ?

અલ્યા ભવાનીરામ ! આ તમે બધા એકઠા થઇ શો ગોટાળો વાળ્યો છે ? શું શેઠને ચપણીયું લેવરાવવું ધાર્યું છે કે લાંબા કરી સુવાડી દેવા ધાર્યા છે ? આટલા બધા ઘરમાં માણસો છતાં કોઇને જરાએ ઘરની કાળજી નહીં ? ઘરમાં શું થાય છે તેનું સુદલ માને નહી ? આને શું કહેવાય ? ઘરમાંથી આટલો આટલો

માલ ઉપડી ગયો ત્યાં સુધી બધા બબે દરકાર રહ્યા એ શું? કાલ તો કોક આખી તિજોરી ઉપાડી જશે તો તમે તો જોઈજ રહેશો ને?? તમો સઘળા પર ભરોસો રાખ્યો તેનું આ ફળ? આ કામનો મને તારા પર શક આવે છે. માટે બેટમજી જ્યાં મુકી આવ્યા હોય ત્યાંથી લાવી આપો નહીં તો પોલીસના શિપાઈને બોલાવી તેના હવાલે કરી દઉં છું. તમારા ઘરના માણસો સિવાય લઈ કોણ જાય? ચકલાને ઘરમાં પેસવાના સાં સાં છે તો ચોર તો પેશીજ શી રીતે પેશી શકે? ભવાનીરામ આ સાંભળી દિંગમૂઢ બની ગયો અને શો જવાબ આપવો તે કાંઇ સુઝયું નહીં. સામો ઉત્તર નહીં મળવાથી ફરી ફઇબા રૂપે આવેલા બોલ્યા—કેમ હરામખોર? જવાબ દેછે કે નહીં! એમ કહી બે ચાર લપડાક ચોડી કહાડી. આથી ભવાનીરામ વધારે સજ્જડ થઇ ગયો, મુખ શ્યામ પડી ગયું, અને ત્યાંથી ઉઠી આઘું પાછું જવાની હામ જરાએ રહી નહીં. આથી કાંઈ પણ જવાબ આપ્યા વગર ગાલ પંપાળતો પંપાળતો ત્યાંજ ઉભો રહયો. તેથી તે બોલ્યા—ઠોઈઆની પેઠે શું ઉભો રહ્યો છે? રસોઇ કરવાનો વખત થશે છે તે દેખાતું નથી? જે હોય તે ઝટ જવાબ દઇ દે એટલે અમોને આગળ રસ્તો સુઝે.

ભવાનીરામ આંખો લોતો ગદગદ કંઠે બોલ્યો. ફઇબા તમારે મારવો હોય તો મારો, અને જે કરવું હોય તે કરો. પણ અજાણી વાતની શી રીતે હા પાડી શકું? ઘરમાં શું થાયછે કે શું નહીં તેજ કોયો સાળો જાણે છે? બે વખત રશોઇ કરી હું તો મારે મહાદેવમાં જઇ માળા ફેરવું છું. અને વખત થાય છે એટલે સુવા આવું છું. એ શિવાય હું કાંઈ બિજું જાણતો નથી.

હું નથી જાણતો? ધુમરાઈથી ફઇબા થઇ આવેલો બોલ્યો. ઠીક છે. તું કેમ નથી જાણતો તે હું જોઉ છું? હરામનો માલ પચવાનો નથી. માર ખાશો, ફજેત થાશો, ને આખરે લીધેલું પાછું આપવું પડશે. માટે સીદ્ધી રીતે આંહીજ માની ઘો કે બાંધી મુઠી રહે. અને આબરૂ ભેર દહાડા કાઢી રોટલાથી છેટા ન પડવું પડે. પણ આજ ભ-

લાની દુનિઆ નથી તો? સીદ્ધિ રીતે મારા વાલા કોઈ દુધ પીએ તેવા નથી. એ તો વાંકા રહીનેજ મુતર પીવાના!

ફઇબા? આપને જેમ કરવું હોય તેમ કરજો. નહીં લીધું હોય તે કયાંથી આપવાના છીએ? આંહી તો કોઇની એક પાઇ પણ હરામ છે.

એ તો બધું હવે આગળ જણાશે. તમારા નશિબમાં હેરાન થવું લખ્યું હશે તેમાં હું શું કરીશ. ભોગ તમારા, તમારા લાગ્યાં તમો ભોગવજો. જાઓ, હાલતો તમે તમારૂં કામ કરો. માલ ગયેલો જવા નહીં દઇએ સમજ્યા!

તમારે જે કરવું હોય તે કરજો ને! અમે હાજરજ છીએ ને! બાહાર જતા હઇશું તે આજથી હવે નહીં જઇએ. તમારૂં નીરાકરણ થશે ત્યારેજ જવાની વાત.

બહુ સારૂ. બહુ સારૂ. એતો જોઇ લેવાશે. ભવાનીરામ બટ બિચ્ચારા ગાલ પંપાળતા છાના માના મુગે મોડે નીચે ઉતર્યા, અને રસોડામાં જઈ પોતાનું કામ કરવા મંડયા.

આટલી તપાસમાં પાછા પડવાથી દામોદરનું મોં લેવાઈ ગયું અને મન સાથે બોલ્યો. આટલાં બધાં કામ કર્યા પણ આતો સાળું વ રે. આમાં જસ મળવો મુશ્કેલ છે. આટલા દીવસ મેળવેલી આબરૂ ઉપર આખર પાણી ફરવા વખત આવ્યો.

હવે કરવું શી રીતે કે મારા કામમાં ફતેહમંદ થાઉં ને મારી સંગ્રહ કરેલી આબરૂ જતી બચાવું. આ તો સાપે છછુંદર ગળ્યા જેવું થયું. અધુરૂં મુકી ભાગી જાઉં છું તો પણ ફજેતી, અને પુરૂં કરવા રહું ને પુરૂં ન થાય તો પણ ફજેતી! આતો પુરો સપડાયો. રૂપાળીએ તો રૂપમાં અને કામમાં બન્નેમાં ફસાવ્યો. હું આવ્યો એટલે એતો અલગ થઈ બેઠી હવે તો એ કાંઇ રસ્તો સુઝાડે અને કાંઈ યુકિત બતાવે તો સઘળું ઠીક થાય! આતો ભારે મુઝવણમાં આવી પડયો. હવે એને વધારે વહાલ બતાવી વશ કર્યા શિવાય છુટકો નથી. એટલામાં ચાહનો પ્યાલો લાવી વિચારગ્રસ્ત થયેલો જોઇ રૂપાળી બોલી.

કેમ આજે શું વિચારમાં પડયા છો? શું ખાવા પીવાનું

દુઃખ છે, કે ઘરવાળાં સાંભર્યા છે? તેમની ગરજ પડે તેવું તો કાંઇ હજુ સુધી રાખ્યું નથી, પણ ઘણા દહાડા ભેગાં રહેલાં તે યાદ તો આવેજ તો !!

જરા ચીડવાઇ દામોદર બોલ્યો. હવે જવા દ્યો એવી મશ્કરી હાડીઆને મનહસુ અને આંહી દેડકાનો તો પ્રાણ જાય છે. ખાવા પીવાની ને બાયડીની શી પંચાત કરો છો. આંહી બોલાવી મારી આબરૂને ધોકો પહોંચાડવો છે કે હસતું મોઢું લઇ ઘેર મોકલવો છે? હસ્યામશ્કરીથી મારૂં શું લીલું વળ્યું? જો હવે કાંઈ મદદ કરો તો તે કામ પાર ઉતરે ને તમને એશઆરામ મળે. આતો નથી શરતું મારૂં કાજ ને નથી સરતું તમારૂ કાજ—

આ સાંભળી રૂપાળી મુખમાં તેની મુર્ખતા પર હશી મનમાંજ બોલી તારૂં કામ શું સુધરવાનું છે તારા બાપનું કપાળ. પથરો આપું તે લે ને માથું ફોડી રાતુ કર એટલે સાર જણાશે. બાકી તો બધું આભલામાંજ. હું તો મારૂં કામ કરી ચુકી છું ને જે અધુરૂ છે તે તારે હાથેજ પુરૂ કરાવાનું છે (ચાસન) આમ મુંજાઓ છો શું કરવા? હુ ક્યાં ના પાડું છું. હુંતો તમારી પાસેજ છું. જે કામ કરવા ફરમાવો તે કામ કરવા તૈયારજ છું. હું તો ફકત આપના હુકમનીજ રાહ જોઉ છું.

એતો ઠીક અને એ બાબતનો મને તમારો પુર્ણભરૂસો છે. પણ હવે મારે કીયે રસ્તે જઉં કે હું કરવા આવેલા કામમાં પાર પડું? દામોદરે અધોમુખે કહ્યું.

કેમ, ઘરમાં બધી તપાસ ચલાવી રહ્યા? શું એટલા બધામાંથી કોઇ ચોર માલમ ન પડયો? ચોરતો ઘરમાંથીજ હશે. ઘરનાં સઘળાં બારી બારણાં બંધ કરી સુઇ જઇએ છીએ ત્યાં પરાયો પેસી શી રીતે શકે? સાળું આતો અચરીજ થાય છે.

મને પણ એજ વિચાર થયા કરે છે. કે ચોર કોઇ ઘરમાંજ હોવો જોઇએ. પણ અત્યાર સુધીમાં તો કોઈ જણાયો નહીં. હવે ફક્ત શીપાઈ અને એક નોકર તપાસવાજ બાકી છે.

હજુ તેઓને તપાસો તો ખરા. એમાંથીજ કોઈ પકડાઈ આવશે. ઘરના માણસો સિવાય આ કામ બીજા કોઈ બહારના નું નથી. જો તેમાંથી કોઇ નહીં જણાય તો પછી બીજી તપાસ કરીશું. જરાએ ગભરાશો નહીં મારા મહેરબાન !! વારૂ ઠીક. એમ કરૂં પછી કાંઈ? આજે બાકી રહેલા એકે એકની ઝડતી લઈ નાખું,

લ્યો હવે આ ચાહ પી લ્યો. કારણ કે ઠંડો થઇ જતાં ગોઠામાં નહીં પેસે. એમ કહી ચાનો પ્યાલો તેની સામા ધર્યો તે ઘણા પ્રેમથી લઈ ગડગડાટ કરતો ચા પી ગયો ને ખાલી થયેલો પ્યાલો પાછો આપતાં તેનો હાથ દાબ્યો.

કૃપાળી સ્મિતહાસ્યથી તેને ખુશ કરતી ખાલી થયેલો પ્યાલો લઇ નીચે ગઇ.

ફઇબા થઈ આવેલા દામોદરભાઈ હાજતે જવાને બહાને નિચે આવ્યા. અને સંડાસમાં ન જતાં બહાને બહારની દેવડીએ આવી નાડા ગુંથતા પાસે જઈ ઊભા. થોડીવાર ઊભા રહી મીયાભાઇને નાડું ગુંથતા જોઈ બોલ્યો. કેમ તમને આજ કામ કરવા રાખ્યા છે કે ? તમારા આવા કામથીજ તમારા શેઠને તમે ભીખ માગતો કર્યો છે. બસ ! મફતનો પગાર ખાવો ને મજા કરવી. કોઈ આવે જાય તેની કે કોઇ કાંઈ ઉપાડી જાય તેની પરવા છે ? યાદ રાખો હરામખોરો; જેટલું મારા ભાઇને નુકશાન થયું છે તેટલું તમારા પગારમાંથી વસુલ કરવાનું છે. નહીં તો મહેનત કરો અને ગયેલો માલ બધો પાછો લાવી આપો. અગર કોઇએ લીધો હોય તો બતાવી દ્યો. તમો સામેલ વગર આ કામ કદાપી બનેજ નહીં.

આ સાંભળી મિયાંભાઇ પાટી વણવી ભુલી ગયા, અને સુંથણાનું નાડું નરમ થઇ ગયું. ઉભા થઇ હાથ જોડી બોલ્યા. બાઇ, આપ એ કયા કહેતે હો ? અમને અમારી એ ઘરમેં ઇતની ઉમર નિકાલી મગર શેઠજીકું નુકશાન હોવે એસા કામ નહીં કીયા. અમારાજી જાવે મગર અમ કબી

ણુરા કામ નહીં કરે. ચોર, ડેલી કે દરવાજેસેં કભી આ ન શકે ? મગર કીસ તરહસેં હોતા હય, વો ખુદા જાને.

ખુદા ખુદા નિકળી જશે મીયાં ? પટકારો મારી વેશધારી ફઈબા બોલ્યાં. એતો સઘળું તમારા શેઠને સમજાવો. એ ભોળો છે પણ હું તો કાગડી છું કાગડી! આંકુી ઉભી ઉભી તમારા પેટની વાત સમજી લઉ એવી છું સમજ્યા ? જેને પુછીએ છીએ તે બધા તમારા જેવાજ જવાબ આપે છે. પણ જ્યારે પેલો કાળા ડગલાવાળો કાકો આવશે અને ઢગરા ભાગશે ત્યારેજ એક બીજાની વાત જાહેર થશે. સીદ્ધી રીતે કોઈ માને એમ છે ? બધાએ ચોરે ચોરભેગા થયા છો.

બાઇ ! તુમારે ચાહે સો કરો મગર નહીં લીયા હોગા વો કાંસે લા દેગા. ઓર નહીં જાનતે હોવે વો કીસ તરહસેં બતા દેગા. શેરખાં સલુકાઇથી બોલ્યા.

ઠીક છે. ઠીક છે. એતો સૌ જોઈ લેવાશે. અત્યારે કોઈ ન માનશો. આજજ સરકારમાં સંભળાવી આજને આજ બધાની ખબર લેવડાવું છું. કાંઇ ફીકર ન કરશો. દયા રાખી કાંઈ ન કર્યું તો ફાટી ગયા ફાટી આવા હરામખોરો ઉપર તે દયા શી ? ? એમ બોલી વેષધારી ફઇબા સંડાસભણી ગયાં. હાજત પુરી કરી બહાર આવતાં હાથ પગ ધોવરાવા આવનારને હાથ પગ ધોતાં ધોતાં અડાવવા માંડયો. પણ તે ભલા ચાકરે મોઢેથી કાંઇ ન બોલતાં હાથમાંનો લોટો તેના પગ ઉપર એવો તો નાંખ્યો કે બે ઘડી સુધી કાંઇ પણ બોલી શકાયું નહીં. ને આંખમાંથી પાણી વહેવરાવવા માંડયું. પેલો ભલો ચાકર ભોંય પડી ગયેલો લોટો લઈ આવી. ફઈબા, ફઇબા, બહુ વાગ્યું ? મારા હાથને કોણ જાણે શું થયું છે કે કાંઇ પણ ચીજ વધારે વાર સુધી ઝાલી રખાતી નથી. લાવો જરા પગ દાબું એટલે કળ ચઢેલી ઉતરી જશે એમ કહી જ્યાં વાગ્યું હતું ત્યાં જોરથી દાબવા માંડયું. એટલે જોરથી બુમ મારી બોલી. રહેવા દે. પરાણે ઉભી થઇ પેલા ચાકરને ખભે હાથ મુકી ખોડંગાતા પગે અને ટસકાં કરતાં

વેષ ધારી ફઈબા અંદર સીધાવ્યાં

વેશધારી ફઈબાને ખોડંગાતાં આવતાં જોઇ રૂપાળીએ પુછયું. કેમ આમ ?

સાથે આવેલો ચાકર બોલ્યો બા ! મારા હાથમાંનો લોટો તેમના પગ ઉપર પડયો, તેથી બહુ વાગ્યું, તેના કારણથી આમ થયું છે.

રૂપાળીએ બે ચાર ગાળો તે ચાકરને ભાંડી ભોંયરસો કરવા ઉઠી, અને તે ગરમ કરી લાવી વાગેલી જગાએ ચોપડયું. જરા આરામ થતાં વેશધારી ફઈબા પાછા પોતાને ઠેકાણે ગયાં, અને વિચાર કરતાં બેઠાં. હવે શું કરવું ? ઘરના માણસોથી તો સાળો કાંઈ પણ પત્તો લાગતો નથી. હવે ઘરમાં તપાસ કરવી કે હરામખોરો કયાંથી આવે છે. એવામાં રૂપાળી તેની પાસે આવી બોલી. કેમ છે તમારા પગે ? કાંઈ વેદના ઓછી થઇ છે ?

હા. પણ મનની વેદના વધી છે. શું કરવું તે કાંઇ સુઝતું નથી. સઘળાને પુછયું પણ મારા વાલા કોઈ મગનું નામ મરી દેતા નથી. હું તો હવે અકળાયો. દામોદર બોલ્યો.

લ્યો. હું આ ભોંયરસો લાવી છું તે જરા પાછો ચોપડાવો. એટલું કહેતાં દામોદરે વાગેલો પગ તેણીના સામો ધર્યો. અને તે ઉપર રૂપાળીએ પાછો ભોંયરસો ભર્યો. ભરતાં ભરતાં બોલી. ગભરાઓ નહીં. ગભરાયે કામ પાર નહીં પટે. હીંમત રાખી બીજો ઉપાય કરો.

હા. હું તેજ વિચારમાં છું, પણ વેદના ભુલી જઈ સ્મિત હાસ્યથી તેના મુખ ભણી દ્રષ્ટી રાખી દામોદર બોલ્યો. તમારી મહેરબાની નથી ત્યાં કામ કેમ સિદ્ધ થશે.

વાહ ! આ શું બોલોછો ? હું તો સદા તમારી જ છું. ફકત તમારી આજ્ઞાનીજ રાહ જોઉછું, રૂપાળી આંખ નચાવતી બોલી.

અને તેથીજ મારી શોધમાં હું ઢીલ કરૂછું. એમ કહી રૂપાળીને એક ચુંબન દીધું.

રૂપાળી ભોંયરસો પગે ચોપડી રહી બોલી હું હવે જા-ઉછું. રસોઇ તૈયાર થઇ છે માટે વહેલા પધારજો. એટલું કહી રૂપાળી મન સાથે બોલી કે, ભલેને એના વશમાં છું ત્યાં સુધી ગમે તે કરે. હમણા આનાકાની કરવાનો સમય નથી. એમ બડબડતી બડબડતી નીચે રસોઇખાનામાં ગઇ.

પગે ચોપડેલો ભોંયરસો સુકાતાં દામોદરભાઇ ભોજન કરવા પધાર્યા. અને જમી રહ્યા બાદ રતનચંદ શેઠ પાસે પાન સોપારી ખાવા અને પોતે હવે શું કરવું વીગેરેની સ-લાહ લેવા માટે સિધાર્યા.

રતનચંદ શેઠ, ધન ગયેલું પાછું આવશે એ આશાથી કાંઇક ખુશ મીજાજમાં રહેતા હતા. તેથી તેમની તબીયતમાં પ્રથમ કરતાં થોડો તફાવત જણાયો. નોકર ચાકર જે કોઇ તેમની પાસે આવે તેમની સાથે હસી ખુશીથી વાત કરતા અને કોઇ કાંઇ પુછે તેનો શીધી રીતે પ્રતિઉત્તર આપતા હતા. દામોદર તેમની પાસે આવતો હતો તે વખતે તેઓ સોપારીનો ભુકો કરતા કરતા હર્ષતરંગમાં ઉછાળા મારતા હતા. તેઓ મન સાથે બોલ્યા, કેવી ભલી છોડી ! જ્યારથી આ ઘરમાં ચોરીની ગડબડ થાયછે ત્યારથી બિચારી અતિ ખેદ કરી પુરૂ અનાજ પણ ખાતી નથી. અને હું ફીકર ન કરૂં તે માટે તે વારંવાર મને કેવી ધીરજ દે છે ? એ-ટલેથી ન અટકતાં તે આખર છુપી પોલીસના માણસને પ-ણ બોલાવિ લાવી. તે આવ્યો છે ત્યારથી તેની સાથે રહી પત્તો મેળવવામાં કેટલી મહેનત કરે છે? નોકર મળે તો આવા જ મળજો. છોકરી, પ્રભુ તારૂં કલ્યાણ કરશે. હું તારો આ તારી મહેનતનો બદલો શી રીતે વાળી આપીશ. એવા માં દામોદરે આવી સલામ કરી એટલે શેઠે ખુશ મીજાજથી તેને સામું ડોકું ધુણાવી તેને અતિ આદરથી બેસવા માટે કહ્યું. દામોદરના બેઠા પછી શેઠ બોલ્યા, કેમ કાંઇ પતો મ-ળ્યો ? તમને બહુ મહેનત પડેછે તે માફ કરજો. હાથે આ-વેલા દુષ્ટને બરાબર હાથ દેખાડજો, કે ફરીથી એવું એ કામ કરે નહી.

આ બધું સાંભળતો દામોદર નિરાશ વદન કરી બોલ્યો. શેઠ સાહેબ આપના ઘરના સર્વ નોકર ચાકરની તપાસ કરી તેઓમાંથી કોઇ ચોર જણાતું નથી. તેમ હવે કેમ કરવું તે કાંઇ સમજાતું નથી. તમને કોઇના ઉપર શક આવે છે?

રતનચંદ શેઠનો આ સાંભળી ખુશ ચહેરો એકદમ ફીકો પડી ગયો. ને તે બોલ્યા મારો એકે નોકર નવો નથી જે મને તેનાપર શક આવે. કોઇને રહે ચાર વરસ, તો કોઇને રહે છ વરસ, કોઇ દશ વરસનો, તો કોઇ પંદર વરસનો, એમ બધાને રાખે ઘણી મુદત થઇ છે. જ્યારથી એ લોકોને રાખેલા છે ત્યારથી આજ સુધીમાં તેઓએ મારી એક પાઇ બગાડી હોય એવું મને સ્વપ્નમાં પણ ભાસ નથી. તે લોકો આવું કામ કદી કરેજ નહીં એવો મને સર્વ પ્રત્યે પકકો ભરૂસો છે. એ શિવાય બાકી આપને જે તપાસ કરવી ઘટે તે કરો.

બહુ સારૂ કહી દામોદર પોતાને ઉતારો આપેલા સ્થળે ગયો. અને શેઠ બપોરા ગાળવા જરા ગાદી ઉપર આડા થયા.

પ્રકરણ ૪ થું.

ઠગ ઠગને ઠગવા કરે, યુક્તિ અપરંપાર;
જે કરે તે તે સહે, વદે ન વેણ લગાર.

દામોદરદાસ, હવે શી યુક્તિ કરવી અને કયાં તપાસ કરવી એ વિચાર વમળમાં અનેક ગોથાં ખાતો હતો. તેવામાં રૂપાળી આવી બોલી.

કેમ શા વિચારમાં નિમગ્ન થયા છો? ચિત્ત કાંઇ ઘેર ઘેર ગયું છે કે શું? ઘણા દીવસ આંહીં થયાં તેથી કાંઇ સાંભરી આવ્યાં હશે.

તમારાથી તે શું અધિક છે તે સાંભરી આવે. આવી પરી જેવી સુરત મુકી ભુત જેવી સુરતને કોણ ચાહે? વિણાનો સુંદર સ્વર મુકી કાગડા જેવી કડવુ વાણીને કોણ ઇ-

રહે છે ? વિધ વિધ જાતના વિલાસસુખનું સ્થાન તજી વાત ક-રતામાં વઢી પડે તેની પાસે મન જવા કેમ ચહાય ? મારા ભાગ્યેજ તમારો સંગમ થયો છે.

એ બધું જ્યાં સુધી વહાલીનું મુખ નથી દેખ્યું ત્યાંસુ-ધી. જ્યાં ઘેર ગયા ને તેનું મુખ દેખ્યું કે થઇ રહ્યું. પછી કોણ સંભારે ને કોણ ચહાય ?

આમ ન બોલો મારાં મનહરણી! એ પરણીત છે તે પાડયા વિના છુટકો નહીં પણ આ તનમન તો હવે તમા-રૂં જ છે.

હવે જવા દોને ! પુરૂષને સારી પેઠે ઓળખીએ છીએ. જેમ તમારા ઘરવાળાંને મુકી મારાપર મન લગાડયું, તેમ મારાથી અધિક રૂપ રંગવાળી મળીકે તેની પાસે જવાના. તમારી સાથે સ્નેહ રાખવામાં લાણ એટલુંજ કે ખાલી જ-ગમાં ફજેત થવું. ને લોકમાં હલકું પડવું કાંઇ અંત સુધી અત્યાર જેવી પ્રીત નભાવવાના છો? એમ હોય તો ફજેત થયા એ પ્રમાણ ! લોક ચાર દહાડા કહીને રહે, પણ બીજી તો ચીંતા નહીને ?

અરે હૈયાના હાર? આ શું બોલોછો ? શું એવી રીતે કો-ઇથી ઠગાયાં છો કે ! એમ વિના આમ વાકય નિકળે નહીં.

અરે હજારોના મધ્યા છતાં આપના વિના મન આપ્યું છે જ કોને ? આ તો એક તમારી રીતી કહી.

એ તો મુર્ખનુ કામ. ફજેત થવાય, માથુ જાય, અને સરકાર દંડે તોયે શું થાય ? ગમે તેમ થાય પણ મનમાનતી મહિલાઓને મુકાય જ કેમ ?

આ તે હોઠનું કે પેટનું ? રૂપાળી બોલી.

હોઠનું તે હોય રસીલી !

ત્યારે તો ઠીક ! એજ બોલે રહેજો. અને બાંધેલા પ્રેમને સદા નભાવજો.

નચિંત રહો મારી નાજુકડી ! હું મુર્ખ નથી કે મારા હૃદય મંદીરમાં પધરાવેલી પ્રેમમુર્તીને હું ભુલી જઊં.

આવો, અધરામૃતનું પાન આપો, ઉત્તસંગને શોભાવો. અને આ તાતા થયેલા મનને શાન્તી કરો. એમ કહી તેનો હાથ પકડી પોતાની ભણી ખેંચેછે તેથ.—

રૂપાળી બોલી આમ અધિરા ન થાઓ. આ તન તમારૂંજ સમજજો. આ સ્થળે આમ કરવું યોગ્ય નથી. હુ તમારી મરજીને સંપુર્ણ આધિન છું.

વહાલી! તમારો સંપુર્ણ ભરૂસો છે. પણ લગનીવાળા જોડાને સ્થાન જોવાની જરૂર હોતી નથી.

હા, હા, એ વાત ખરી પણ બજાવવાનું કામ પુર્ણ થયા પછી એ થાય તો ઠીક.

આ સાંભળી દામોદર મનમાં વિચારવા લાગ્યો કે તેનું કહેવું વ્યાજબી છે. નિચંતાઈ વગર કરેલા કામમાં મજા આવતી નથી. જગતજન કહે છે કે પરનારી દુઃખની ખાણ છે. પણ તે કહેનારની તદન ભુલ છે. આનંદનું ભવન, વિલાસનું સ્થાન, મોજમજાનું ધામ, અને રંગરાગનું ઘર છે. શોકમાંથી કહાડનાર, સંતાપને ટાળનાર, અને સંકટને નિવારીને શ્રમને દૂર કરનાર છે. ન મળે કલેશનું નામ, કે ન મળે પજવણીનું ધામ. સુખસદનમાં રમાડનારને મીષ્ટ ભોજનને ખવાડનાર પરનારી જ છે. તેનો પ્રેમપાશ સ્વર્ગના સુખને પણ ભુલાવે તેવો છે. અત્યાર સુધીનું મારૂં સમજવુ તદન ભુલ ભરેલું હતું. મધુરી વાણીનો સાદ, નેપુરનો નાદ, કંકણનો ખડખડાટ, આંખોનો ચળકાટ, મુખનો મટકો, હાથનો લટકો, મંદમંદ ચાલ, અને શૃંગારના હાલ, પરપ્રેમદાઓ વિના પરણીતથી મળતો નથી. રૂપાળી તે ખરેખર રૂપનો ભંડાર, સુખનો આગાર, કામની કેલી, હર્ષની વેલી અને આનંદની હેલી જ છે. એ જોબનવંતીએ મને પોતાના જોબનના બળે કરી તદન વશ કર્યો છે. અહા! શું તેના નખરાં? નેત્રનો નાચ! બસ! અજબ! અજબ! એ પ્રેમમુરતીઓ, પાસે હોય છે ત્યારે જીવને અપાર આનંદ થાય છે. પણ જરા અલક થતાં નિરજન વન જેવું આ સદન કરી નાંખે છે. પેહેલાં

તો મારી વાતથી અને રીતભાતથી બહુ શરમાતી હતી. પણ જેમ જેમ મારો વધુ સહવાસ થતો ગયો તેમ તેમ મારા કહેણને કબુલ કરતી જાય છે. આથી જ મને મહદ્ ભાગ્યશાળી સમજુ છું. પુર્ણ ભાગ્યે જ આવી પદમણી જેવી નારથી પ્રેમ બંધાય છે. એક ડીટેકટીવ શું આવી રીતે મહોબત ન કરે? કેમ તે માણસ નથી? રૂપાળી. અહા કેવું તેનું મધુર નામ! ખરેખર તે મને મદદગાર થઇ પડશે અને તે બાબત મને તેનો સંપુર્ણ ભરૂસો છે. તે પોતાના શેઠની ખાતર નહીં, પણ મારી સાથેના પ્રેમની ખાતર મારા કામને માટે, અને મને જસ અપાવવાને માટે સંપુર્ણ મહેનત લેશે.

રૂપાળી, એક નાના ગામડામાં કે જ્યાં પચાસ પુરા ઘર નહીં હોય તેવા ગામમાં નિર્ધન, જે મીઠા મરચાંનો કોથળો કરી સવાર સાંજ પાંચ છ ગામ ભટકી પોતાના રોટલા જેટલુંએ પરાણે પેદા કરે એવા વણીકને ઘેર જનમી હતી. તેના જન્મ પછી તેના બાપના રોજગારમાં કાંઇક સારી પેદાશ થવા માંડી. તેથી તેને રૂપાળીને બહુ લાડમાં ઉછેરવા માંડી. જે પઇનું શાખ પરાણે ખાય તે રૂપાળીને માટે બે ચાર પઇસા વાત કરતામાં ખરચી નાખવા દરકાર કરતો નહીં. પણ તે આ સુખ ભોગવવા, અને દીકરીને લાડ લડાવવાને વધારે વખત આ દુનિયામાં વધારે સમય રહ્યો નહીં. કમાણી બંધ થઇ એથી રૂપાળી અને તેની મા રોટલાથી હેરાન થવાં લાગ્યાં. પણ રૂપાળીતો તેના બાપે લડાવેલા લાડ માણવા વારે વારે હઠ પકડતી, અને એમ કરી તેની માને પજવી તેણીની આંખમાંથી આંસુ કઢાવતી. થોડુ રહેલું રૂપાળીનું સુખ ઇશ્વરને નહીં ખમાવાથી તેણીની માને પણ તેને પોતાથી હજુરમાં બોલાવી લીધી. આથી રૂપાળી બિચારી, ને બાપડી ગામમાં થઇ રહી. થોડા દીવસ તો આડોશી પાડોશીએ સારી પેઠે સંભાળ લીધી, અને ઓછું આવવા દીધું નહીં. પણ જેમ દીવસના ગયા તેમ રૂપાળી પોતાના આચરણથી તેઓને અળખી થવા લાગી. લોક તેને

છણુકા છાકોટા કરતું તથા રડાવતુ તેથી ભુખે મરતી જોઈ એક ભલા અને દયાળુ જનને દયા આવવાથી પોતે જાતે સુંદરપુરમાં આવી તેના કાકાને ઘેર તેણીને મુકી ગયો. જેમ જેમ રૂપાળી મોટી થતી ગઇ તેમ તેમ તેને સમજણના ઘરમાં આવી પોતાની ખોડને ખસેડવા માંડી. જેમ તે પોતાની માને પજવતી તેમ આંહી તેને તેની કાકીએ પજવવા માંડી. કાકો તો બહુ ભલો હતો, પણ બિચારાનું બાયડી આગળ ચાલે શું? છોકરીને સાચવી બેસી રહે તો ખાય શું? કારણ કે પોતાના ગામમાં કમાણી નહી હોવાથી પહોંચ્યું તેટલા દહાડા ખાધું પણ સઘળું ખુટતાં અને કંઠે [illegible] પ્રાણ આવતાં તે પેદાશની ખાતર આ શહેરમાં આવી વસ્યો ભુમી સ્પર્શના જોરે આવતાં વાંતજ આપણા આ રતનચંદને ઘેર નોકરી મગી. દુકાનનું હલકું કામ કરતાં કરતાં ભાગ્ય દેવીના યોગે છેક મુનિમની પદવીએ ચડયો હતો. શેઠની પાઇ બગડતાં જાણે પોતાને રૂપૈઆનું નુકશાન ન થયું હોય તેમ જીવ ઉદાશ રાખી શરીરને શોસવતો. તેમ હરેક કામ પોતાનું જાણી ઘણી ચીવટથી કરતો. આથી શેઠે ખુશી થઈ પગારથી અને પદવીથી ઉંચો ચડાવ્યો હતો. રૂપાળીનું ભાગ્ય અતિકુળ હોવાથી કાળે તેનું ભક્ષણ કર્યું. આથી રૂપાળી નિરાધાર થઇ ગઇ અને તેને કોઇ આશ્વાસન આપનાર રહ્યું નહીં કઠોર હૃદયની કાકી તેને કટુ બોલથી અને વિવિધ આક્ષેપથી સંતાપવા લાગી. પણ પોતે સાંત સ્વભાવથી અને કોઈનો આશ્રય નહીં હોવાથી કાકીના સઘળા બોલોને કાનની વાટે ઉદરમાં ઉતારવા લાગી. જેમ જેમ સમજણના ઘરમાં આવી તેમ તેમ મા, બાપ, અને કાકાને સંભારી પોતાની ઓઢણીના આંચળને તેમ કંચુકીને ભીંજવવા લાગી. રૂપાળી પોતાના કાકાની હયાતીમાં રતનચંદ શેઠને ઘેર તેના કાકાની સાથે કોઈ કોઇ વાર જતી હતી તેથી રતનચંદ શેઠ પોતાની પુત્રી સમાન તેના પર હેત રાખતા હતા. અને પોતાનું હેત દેખાડવા કોઇ કોઈ વાર મીઠાઇ, રમકડાં, કે વસ્ત્રની બક્ષીસ આપતા હતા. રૂપાળી જન્મથીજ

ચાલાક અને સાત્વીક ગુણવાળી તો હતી, પણ અભ્યાસ કર્યા પછી તેમાં બહુ વધારો કર્યો શેઠ, અને તેનો કાકો એની હુશિયારી અને તેના ગુણથી બહુ આનંદ થતા. કાકીના કંકાશથી કંટાળી કયાં જવું અને શું કરવું તે વિષે એક દહાડો વિચાર કરતી બેઠી. ઘણાક તર્ક વિતર્ક કરતાં છેવટે રતનચંદ શેઠનો આશ્રય લેવો એમ મન સાથે નકી કરી બીજે દીવસે તેમને ઘેર તે ગઈ, અને પોતાના વિતક વાત સઘળી શેઠને સંભળાવી. આથી શેઠે ધીરજ આપી પોતાને ઘેર ખુશીથી રાખી. આ વખતે તેની ઉમર બાર તેર વરસની હતી. પોતાની હુશિયારીથી ધીરે ધીરે શેઠના ઘરની સઘળી માહીતગાર થઇ. એને શેઠનો વિશ્વાસ એટલો બધો સંપાદન કર્યો કે ત્રીજોરીની કુંચીઓ સુદ્ધાંતની તે માલીક થઇ. સઘળો ઘરનો વ્યવહાર પણ તેને હાથેજ થવા લાગ્યો. આથી સઘળા ચાકર નોકર પણ તેના તાબેજ થઇ રહ્યા હતા. નવા આવતા નોકર ચાકર તેના રૂપ ગુણ, અને કામથી તેને શેઠની પુત્રી સમજતા હતા નાણું દેખી સન્યાશી ચળે, તેમ રૂપાળીએ સ્વતંત્ર સુખ ભોગવવા થોડે થોડે હાથ મારવા માંડયો. તેણે પોતાની કાકીથી તથા શેઠથી છાનાં પોતાના નાતીલા પણ છડા છટાક જોડે લગ્ન કરી દીધું. તે ઉપરથી સારા ગુણવાળો હતો પણ અંદરથી અવગુણથી ભરેલો હતો. રૂપાળાં, આને ઉપરના ભભકાથી મોહી પડી વરી હતી, પણ બીજી રીતનો કાંઇ તપાસ કર્યો નહોતો. આથી તે હોશિઆર અને નિતિવાન છતાં મોહને વશ થઇ તેના કહેવા પ્રમાણે અકાર્ય કરવા આંચકો ખાવા અચકાતી. માણસ, પ્રેમ, કામ, ક્રોધ, લોભ અને સ્વાર્થ અંધથી અવર દેખતા નથી, સારા સારનો વિચાર કરતા નથી, ભવિષ્યના પરીણામને અંતરમાં ધારતા નથી, અને પાપ પુન્યને લેખવતા નથી. તેમ, આ મુગ્ધ બાળા પોતાના પતિની શીખવણીએ પોતાના ઉપકારીનો ઉપકાર ભુલી અકાર્ય કરતાં અચકાઇ નહીં. આથીપોતે હરેક પ્રપંચ કરી તેમાંથી પાર ઉતરવા દામોદરને પોતાના મન વગર તેની સાથે પ્યારમાં પડી

ઉપરથી પ્યાર બતાવતી હતી.

દામોદર, સાધારણ સ્થિતીવાળા બાપનો પુત્ર હતો. તે જન્મથીજ ચિકિત્સક હતો. હરેક ચીજને અને માણસને બારીક નજરથી જોતો, અને તેના રૂપ, આકૃતી વીગેરેથી તેના ગુણ અવગુણ પારખી લેતો. તેમ હરેક કામમાં બહુ ઉંડા ઉતરી છેવટે તેમાંથી શો સાર આવશે તે પારખી લેતો. ભણુવા ગણુવામાં પણુ હોંશીલો હતો તેથી તેને વિદ્યાદેવીને પણુ ઠીક વશ કરી હતી. બોલવામાં તે અતિ વાચાળ હતો, તેમ હીમતથી પાછો હઠે એવો નહોતો. આવા અનેક ગુણો અને મારકણી આંખ જોઇ, પોલીસ ખાતાના વડાએ પસંદ કરીતેનેપોલીસની નોકરી આપી હતી. પોલીસમાં દાખલ થયો તે વખતે તેની ઊમર અઢાર વર્ષની હતી. પોલીસથી જમાદાર થયો, અને જમાદારથી કોન્સટેબલ થયો. તેના ઉપરી અમલદારોએ તેની હુશિઆરી, અને સારી વર્તુણુક જોઇ તેને છુપી પોલીસની પદવી આપી. ગુનેગારનો ગુનો કબુલ કરાવવામાં એવીયુક્તિવાપરતોકે તેમને મનાવતા તેને ઝાઝી મહેનત પડતી નહીં. લાંચ કે શરમથી દબાવાનો ગુણુ તેનામાં બિલકુલ હતો નહીં. ખરા ગુનેગારને પકડી સરકારમાં ઘસડી જઇ સજા અપાવવામાં સગા ભાઇની તે શરમ રાખતો નહીં. પૈસાદાર કે રંક, સર્વનું કામ ખરી મહેનતથી કરતો, તેથી સરકારમાં તથા પ્રજા વર્ગમાં સારૂં માન પામ્યો હતો. કોઇની વાર બુમ આવતાં તે કામ તેનેજ સોંપવામાં આવતું, અને તેમાં સોએ નવાણું દોકડા સોંપેલા કામમાં ફતેહમંદ થતો.

નરનારીની એકાંત બુરામાં બુરી છે. તે મનને ડગાવનારી, સત્વગુણને સજાવનારી, નિતીને નડનારી, પાપવૃતિમાં પાડનારી, આબરૂને હઠાવનારી, ધર્મને ચુકાવનારી તેમ દ્રઢતાને દળી નાંખનારી છે.

આ એકાંતે પોતપોતાનું કાર્ય સાધવામાં દાવબાજી ખેલનારા, પણુ નિર્મળ મન રાખનાર, રૂપાળી તથા દામોદર બન્ને ઉપર પોતાનો દાબ બેસારી કામદેવે પોતાના વશ કીધાં હતાં.

તેથી બન્ને જણુ નિતિને વિસારી ભ્રષ્ટ થવા તત્પર થયાં. મદન મહારાજની સ્વારી પુરવેગથી. બન્ને ઉપર ચઢી આવી તેઓનો પરાજય કર્યો. સ્ફટિક જેવાં હતાં તે ધુસર લાગવાથી મલીન થયા. સૂર્ય ઉદય છતાં દશે દીશા અંધકારથી ભરેલી દેખવા લાગ્યાં. બંન્નેની આંખો વિકારથી ભરાઈ અને + + + આગ્ની ઉપર હતાં એટલામાં નિચેથી કાંઈ કારણસર તેને કોઇએ હાંક મારી તેથી તરતજ હાંક મારનારને હજારો ગાળો દેતી બડબડતી બડબડતી ઓરડા બહાર નિકળવા લાગી. એટલે દ.મોદરે તેનો હાથ પકડી કહ્યું.

વાહાલી ! એલો બુમ પાડશો કરશો. આમ બીઓ છો કેમ ? જરા બેસો તો ખરાં.

ના, ના. હમણાં તો મને જવા દો. વળી બીજી વખત વાત ? કયાં એક રાત્રીએ વહાણું વાય તેમ છે. હાથ છોડો મને ન રોકો. રૂપાળી ભય સહીત થઈ બોલી.

કામના આવેશથી રૂપાળીના બોલો ન ગણકારતા તેનો હાથ મજબુત પકડી રહ્યો તેથી ફરીને બોલી અત્યારે હઠ ન કરો. સમય વિચારો. થોડા સમય સારૂ આપણી બંન્નેની અખંડ કીરતીને ખંડીત ન કરો.

કામને વશ થયેલા જનની કર્ણપુરી તથા હ્રદયમંદીર અજડ થઇ જાય છે તેમ આ સમે દામોદરને થયું. રૂપાળીનો એક બોલ હ્રદયમાં ન ધાર્યો, તેમ આબરૂની પણ પરવા ન કરતાં રૂપાળીનો હાથ જોરથી ખેંચી તેને નિચે બેસારવા જતાં ફરીથી તેણીને નિચે આવવા ઘાંટો પાડયો. થોચે જતાં વાર થવાને લીધે નિસરણી ઉપર કોઈને ચડવાનો અવાજ રૂપાળીને કાને પડતાં જોરથી દામોદરના હાથમાંથી છુટી પોતાના લુગડાં સમારતી ઓરડા બહાર નિકળી. કે તરત હાંક મારનાર ચાકર સામો આવી બોલ્યો. ચાલોને બા, શેઠજી બોલાવે છે. બન્ને નીચે ઉતરવા માંડતાં જ્યાં એક બે ને

ત્રણ પગથિઆં રૂપાળી ઉતરી કે તેણીનો કામ શાંત થયો. અને છેક નીચે ઉતરતાં તદન તે વિકારથી નિર્મળ થઈ. એક ઘડી પહેલાં જેને ચાકરને ગાળો દેતી હતી તેજ ચાકરને શુભ આશિરવાદ દેવા લાગી. અને પોતાને પાપમાંથી બચાવનાર પ્રભુનો હજારોહજારવાર ઉપકાર માનવા લાગી.

દામોદર, રૂપાળીના જવાથી નિસ્તેજ થઈ આવનાર ચાકરને હજારો ગાળો મન સાથે દેતો તેમ શ્રાપ આપવામાં પણ બાકી ન રાખતો સ્વભવને જઈ પોતાની આરામ ખુરશીમાં નિશ્વાસ નાખતો જાણે તેની આંખે અંધારા આવતાં ન હોય? તેમ આંખો મીંચી ધ્યાનસ્તની પેઠે બેઠો થોડીવાર ન થઈ એટલામાં પાછો ખુરસીમાં લાંબો થયો. આમ વિહ્વળ દશાથી કેટલીકવાર સુધી તેને કાંઈ ચેન પડ્યું નહીં. ઘડીકમાં બેઠો થાય, ઘડીકમાં સુઇ જાય ને ઘડીકમાં ઉભો થઈ ઓરડામાં ફરવા લાગે. વળી ઘડીકમાં પલંગે, તો ઘડીકમાં ખુરશીએ, તેમ ઘડીકમાં ઓરડાના બારણાનું સાળ ઝાલી નીસરણી ભણી દ્રષ્ટી રાખી ઉભો રહેતો, આમ કરવાથી તે શ્રમિત થયો અને પલંગપર જઇ પડતાંવાંત ઉંઘી ગયો.

પ્રકરણ ૫ મુ.

કામીજન કુટેવથી, પ્રપંચમાંહી ફસાય;
દગલબાજ તેવા થકી, સુખે નાશી જાય.

ઉંઘમાંથી ઉઠ્યા પછી દામોદરનું મન શાંત થયું, કામના વિકારોથી તદન નિરાળો થઇ, પોતે કરેલા કાર્યથી કાંઈ પસ્તાવા લાગ્યો. સાંજનુ વાળુ કીધા પછી શેઠની રજા લઇ જે વેષે ઘરમાં આવ્યો હતો તે વેષે ઘરમાંથી નિકળ્યો. માર્ગમાં તે વેષ કાઢી નાંખી પોતાનો હમેશનો વેષ પહેરી લઇ પોતાને ઘેર ગયો. અને તે રાત તેણે ત્યાંજ ગુજારી. ઘડીકમાં રૂપાળીને, તેના રૂપને, અને તેના હાવભાવ તથા પોતા ઉપરના

એમને યાદ કરતો, અને ઘડીકમાં તે તરંગને સમાવી દેતો. આવિ વિકળ દશામાં આખી રાત મહા મુશ્કેલે કાઢી.

વહાણું વાતાં વહેલા ઉઠી, વૃદ્ધિ શંકા જઇ આવી, દાતણ પાણી કરી, દેવની માળા સાથે પોતાના વિકારોના મણકા મુકતો ચાહા પી પરવાર્યો. રેલવે ગાડી આવવાનો વખત જોઈ એક ચામડાનું પાકીટ હાથમાં લઇ ભાડાની ગાડી કરી બહારના મેમાન આવવાનો વેષ કરી રતનચંદ શેઠને ઘેર ગયો. શેઠના દરવાજામાં પેસતાંજ રૂપાળી સામી મળી અને દામોદરને તેના પલટેલા વેષથી જોઇ આશ્ચર્ય પામી. થોડી-વાર ટીકી ટીકી જોતાં પણ તેને ઓળખી નહીં શકવાથી દામોદર જરા મુછમાં હસ્યો. ક્યાંથી આવો છો, એટલું પુછતાં તેને બરાબર ઓળખી શરમાઈ જઇ નિચું ઘાલી રૂપાળી અંદર દોડી ગઇ અને દામોદર રતનચંદ શેઠ પાસે ગયો. શેઠ પણ, કોઈ મેમાન આવ્યો છે એમ ધારી આદરમાન સહીત બેસવા કહ્યું. બેઠા પછી કેટલીક આમતેમ વાતો કરી શેઠે તેની કુશળતા પુછવા માંડી, તેથી દામોદરે પોતાનો ખુલાસો કર્યો. જે સાંભળી શેઠ અચંબો પામ્યા, અને તેની આવી રીતોના વખાણ કરવા લાગ્યા. જે ઓરડામાં ફઇબાને વેષે ઉતારો આપ્યો હતો, તેજ ઓરડામાં આ વેષે ઉતારો આપવા શેઠે ચાકરને હુકમ આપ્યો તરતજ ચાકરે તેનું પાકીટ લઇ જઇ બતાવેલા ઓરડામાં મુક્યું. અને તે ઓરડાને વાળી ઝાટકી ઝુટકી સાફ કર્યો અને બિછાના વીગેરેને પણ સમાર્યાં. ચાકરના ગયા પછી શેઠજી બોલ્યા, ડીટેકટીવ સાહેબ ! હવે તો મહેરબાની કરી મારી ચિંતાનો અંત આણો. હુ ઘણો મુઝાઉછું. જ્યારથી તમે અત્રે આવ્યા છો ત્યારથી ચોરી તો થતી અટકી છે, પણ ચોર પકડાયો નથી તેથી મનને ભારે ચિંતા રહે છે. તમે ગયા કે વળી પાંછુ એનું એ. વારંવારે તમને મારે તસ્તી આપવી પડે ને તેથી તમારે હેરાન થવું પડે એ ઠીક નહીં; માટે આ વખત સારી મહેનત લઈ તે હરામખોરને પકડી કાઢો કે જેથી તમારી ને મારી

પીડા ટળે. તમારી આ મહેનતનો બદલો હું ભુલીશ નહીં. વારૂ શેઠજી, બેફીકર રહો. આ વખતેજ બેડો પાર. તેની શી મગદુર છે કે સાળો હાથ ન આવે. એટલું કહી ઉતરવાના ઓરડા ભણી સીધાવ્યા અને કપડા ઉતારી આરામ ખુરશીપર લેટી હવે શી રીતે તપાસ કરવો, અને શી યોજના યોજવી તેની સંકલના કરવા બેઠા. થોડીવાર થઈ એટલે એક ચાકર દામોદરદાસને જમવા તેડવા આવ્યો કે તરતજ જમવા પધાર્યા, અને જમી આવી શેઠ સાથે પાનસોપારી વીગેરે ખાઇ પોતાના ઓરડામાં આવી માથે ટોપી ઘાલી શેઠનું આખું ઘર જોવા તૈયાર થયા. શેઠના હુકમથી એક ચાકરે સાથે જઇ તેને સર્વ દેખાડવા માંડ્યું. જોતાં જોતાં છેક ઉપરના અવાસની એક બારી ઉઘાડી જોઈ. જે ઓરડામાં એ બારી મુકેલી હતી તે ઓરડાને તાળુ બાળુ મારવામાં આવતું નહીં. કારણ કે તે સર સામાન વગરનો હતો. બારીવાળો ભાગ છીંડીમાં પડતો હોવાથી ધોળે દહાડે ચોર ખુશીથી ચઢી શકે એવું હતું. આ બારી પાસે જતાં કાંઇ ખાદીના ટુકડા જેવું નજરે પડતાં તે હાથમાં લઇ તપાસવા લાગ્યો, અને તેથી કાંઇક આનંદ થતો જણાયો. તેમ મનથી એવો ઠરાવ કર્યો કે ચોરોને આવવાનું આજ સ્થાન છે. એ શીવાય બીજી કોઇ જગાએથી તે પ્રવેશી શકે એમ નથી. એમ તપાસ કરતાં અને સર્વ ખંડ જોતાં ત્રિજોરીના ઓરડામાં દાખલ થયો તો ત્યાં પણ કાંઇક પોતાના સંદેહને મજબુતી મળે એવું માલમ પડ્યું. તે ત્રિજોરીની પાસે જુના વર્તમાનપત્રના કેટલાક કડકા પડેલા હતા. ને તે કડકા કોઇ ચીજ ઉપરથી વીંટાળેલા કાઢી નાખેલા હોય તેવું તેમાં પડેલા સળ ઉપરથી જણાતું હતું. આથી તે વધારે હરખિત થયો, અને તેના શરીરમાં ઉત્સાહના લોહીએ હતું તે કરતાં કાંઇ વધારે જોર આપ્યું. ઘણી મુદતથી શેઠ પોતાના માણસો મારફતે શોધ કરાવતો હતો તેના કરતાં આ છુપી પોલીસના માણસે થોડા દીવસમાં પતો મેળવ્યો. શેઠને આ ખબર આપી તેથી શેઠે આવી તે ત્રિજોરી ઉગાડતાં તેમાંથી કી·

મળી હાર તથા ઝવેરાત ચોરાએલું માલમ પડયું. અને ગયેલી ચીજો ઉપર જે કાગળ વીટાડેલા હતા તેજ કાગળના આ કડકા માલમ પડયા. શેઠ, હર્ષ યુક્ત શોક સાથે અનેક તરંગમાં પોતાની મન હોડી હંકારવા લગ્યા. આ જોઇ દામોદરદાસ ઉમંગમાં આવી બોલ્યા. શેઠજી કાંઇ ફીકર ન કરો. હવે મુદ્દા સહીત તમારા ચોર થોડા દીવસમાં તમારી આગળ ખડા થશે. એમ વાતો કરતા કરતા શેઠ, દામોદરદાસ અને સાથે મોકલેલો માણસ ત્રણે જણુ શેઠજીના દીવાનખાનામાં પધાર્યા, ત્યાં ચોરી વીશે કેટલાં એક ગપ્પાંસપ્પાં મારી ત્રણે જણા જુદા પડયા. શેઠ સિવાય બંન્ને જણા પોત પોતાના સ્થાને ગયા.

આખી હવેલીમાં ફરવાના શ્રમથી શ્રમિત થઇ દામોદર બિછાનામાં પડતાં વેંતજ ઘોર નિંદ્રામાં પડયો. ઉંઘ પુરી થઇ ન થઇ એટલામાં રૂપાળી ભય ભીત ચહેરે આવી, દામોદરદાસ, દામોદરદાસ, એમ પોકારવા લાગી. એક બે ને ત્રણ હાક મારતાં તરતજ દામોદરદાસ, ઉંઘ ભરી આંખે બેઠો થયો. આંખો ચોળતો દામોદરદાસ રૂપાળી ભણી આંખો કરી, કેમ શું છે ? આટલી બધી ભયવાળી કેમ લાગે છે ? શું, ચોર ઘરમાં આવ્યા છે કે ? જવાબ દેવા મુખ કમળ વિકાસતાંની સાથેજ ભૂમાતાને જાણે વંદન કરવા કેમ નિચી ન નમતી હોય, તેમ અગર તેના કૃતવ્યથી ધરણીમાતા કોપી તેને પોતાના ઉદરમાં દાબી દેવાની તૈયારીમાં જાણે ન હોય? તેમ તે ભોંય તરફ વળી. એ જોતાંજ તરતજ દામોદરે ઉઠી તેને કમરમાંથી પકડી લીધી. અને તરતજ પોતાના સુવાના બિછાનાપર નાંખી તેને શુદ્ધીમાં આણવા પાણી લેવા દોડયો. ગયો તેવોજ પાણી લઇ પાછો આવતાં રૂપાળી કાંઇક હોશિઆરીમાં આવતી જણાઈ તેથી તે એકદમ અંદર આવી રૂપાળીના ઓશિકા આગળ બેશી તેને પાણી પીવા આપ્યું. પાણી પી રૂપાળી બરાબર શુદ્ધીમાં આવી. એટલે દામોદર પોતાના હાથે તેણીની વેણી સમારતાં સમારતાં બોલ્યો. હૃદયાનંદ ! આજ તમારી તબિયત એકદમ આવી શાથી થઇ ? ભય, ચિંતા કે વ્યાધિ. શું

પીડ છે ? જે હોય તે ઝટ કહે. મારી વહાલી ? તમારૂં સંકટ ટાળવા આ તમારે ઓશિકેજ બેઠો છું. રૂપાળીએ તેની ભણી વાંકી ભ્રકુટી કરી પણ એક ઉચ્ચાર ઉચ્ચારી શકી નહીં આવી સ્થિતી જોઇ દામોદર બોલ્યો, હે વલ્લભે ? શરમાઓ છો શા માટે ? જે હોય તે જલ્દી કહો. તે દુર કરવાં આ હું તમારી પાસેજ બેઠો છું.

અચકાતાં અચકાતાં તેણી બોલી. અરે દામોદરદાસ ? મને કંઇ ઘણી વિચીત્ર બીના માલમ પડી છે.

દામોદરદાસે પોતાની છાતી સાથે ચાંપી કહ્યું. મારાં જીગર એવો શું બનાવ બન્યો છે કે જેથી તમારી આવી દશા થઇ છે ? જે હોય તે ત્વરીત કહો.

જાણે કાંઈ વિચાર ગ્રુસ્ત થઇ હોય તેમ થોડીવાર પોતાની આંખો મીંચી મુગી બેશી રહી. થોડી મીનીટ બાદ ભયથી મુક્ત થયાની પેઠે ગંભીર સ્વરથી બોલી. આજ મારી બેચેનીને લીધે મેં વિચાર્યું કે જરા બહાર હવા ખાઇ આવું કે જેથી કાંઇક બેચેની ટળે ને આનંદ મળે. એમ ધારી હું ઘેરથી નીકળી સિદ્ધી વિલાશોધ્યાન તરફ ગઇ. તેના દ્વાર પાસે જતાંજ મને ચોકાવનારી કાંઈ છુપી વાત થતી મારા કાનને સંભળાવા લાગી. આથી હું ત્યાંથી નાસવાનું કરૂં છું એટલામાં અંદરથી કાંઇક ભેદ ભર્યા બોલ સંભળાયાથી હું તે સાંભળવા ત્યાંજ ઉભી રહી. "આજ તે ઘેર છે તે તું જોઇ લે" એવા શબ્દો સાંભળ્યા. એ સાંભળતા વાર તેઓ આગળ શું વાતચીત કરે છે તે જાણુવા માટે પગારવ ન સંભળાય તેવી રીતે ચાલી અંદર જઇ જ્યાં તે લોકો વાત કરતા બેઠા હતા તેની પછવાડેની ઝાડીમાં હું છુપાઇ ઉભી. અને તેઓની વાત સાંભળવા કાન અને ધ્યાન તેણી તરફ લગાવ્યાં. તેઓમાંથી એક જણુ બોલ્યો. કાંઇ ઝાઝું જોખમ જેવું તો નથીજ કની ? તરતજ બીજો બોલી ઉઠયો. નહીં. તે બેવકુફ અને ભોળા બુઢ્ઢાના ઘરમાં કેટલાક જુવાન પણુ આળસુ, અને કેટલાક વૃદ્ધ ચાકર નફર સિવાય બીજું કોઇ નથી. ફક્ત ચાલાક અને નવા

જોબનમાં આવેલો એક સ્ત્રી છે. તે જરા કાંઇક આપણા કામમાં હરકત કરે તેવી છે. જેનું મુખ મારા ભણી હતું તે બોલી ઉ-ઠયો. તેના શા ભાર છે? આપણે આટલા બધામાંથી એક જણ તેની છાતીપર ચઢી બેસીશું એટલે તેનું શું ચાલનારછે? આથી મને કાંઇક ગભરાટની સાથે કંપારી છુટી. મન સાથે વિચારવા લાગી કે આ રોયા જડસા આગળ મારૂં શું ચાલશે. ચેંચુ ક-રીશ તો મારી લાજ લુટવામાં વિલંબ નહીં કરે. એ નિર્દયોને કાંઈ દયાછે. તે બોલથી હું વધારે ભયમાં પડી, અને હવે શું કર વું ને કયાં જવું તેવિચારમાં પડી ગઇ. પણ આપનું સ્મરણ થઇ આવતાં પાછી તરતજ સતેજ થઇ. તે છેલ્લો બોલનાર બોલ્યો. આવતા ગુરૂવારે—એના છેલ્લા અક્ષરના સાથે મને ઉધરસનો ઠાંસો આવ્યો તેથી હું પકડાઇ જવાની ધાસ્તીથી ત્યાંથી જેવી રીતે અંદર પેઠી હતી તેવીજ રીતે જેમ તેમ અધર પગલે બ-હાર નિકળી પકડાય જવાની ધાસ્તીની મારી ત્યાંથી જીવ લઇને આંહીં નાશી આવી. તે ભયની મારીજ હું બે શુધ્ધ થઇ ગઇ હતી. જો તમે નજીક ના હોત તો મારો ભય વધી મારા થતા દર્દમાં વધારો કરી હું વધારે હેરાન થાત.

આ ખબર સાંભળી દામોદર, રૂપાળીને આશ્વાસન કરતો, અને ખુશાલીના આવેશથી નાચવા કુદવા અને રૂપાળીના ગા-લપર ચુંબનનો વર્ષાદ વરસાવવા લાગ્યો. એક અણધાર્યા બ-નાવથી ભારે ચકચારને જન્મ આપનાર મહાભારત કામ પો-તાના હાથે થવાના સબળા ચિન્હો નજરે પડતાં હતાં. અને લાંબા વખતની શોધખોળથી લુચ્ચાઓ સેજમાં પોતાના હાથ આવશે, એ આશામાં તે હર્ષથી ઘેલા જેવો થઇ ગયો. તેઓ આવતા ગુરૂવારે ચોરી કરનાર હતા, તેથી તેઓને માલમુદ્દા સાથે પકડવાનો ઠરાવ કીધો. અને રૂપાળી ભણી નજર માંડી બોલ્યો.

હે મુગ્ધે! આ વાત ચાર કાનેથી વધારે કાને ન જવા

પેરવી કરવી. આ કામ પાર ઉતર્યા પછી તારૂં કામ ફતેહ થયું સમજ !

રૂપાળી સ્મિત હાસ્ય કરતી અને વાંકી ભ્રકુટી કરી બોલી. કાંઇ ચિંતા ન કરો. પ્રાણ પહેલાં આ વાત બહાર નિકળશે નહીં.

રૂપાળીની વાતથી તથા તેણીના વિચીત્ર હાવભાવથી તે દીવસે દામોદર જરા બેવકુફ બની ગયો. અને આવેશમાં આવી મારી મધુરી, એમ કહી ગાઢ આલિંગનથી તેને સ્થિળ કરી નાંખી, અધરનું, કપોલનું, અને ગાલનું પાન કરવા લાગ્યો.

નિર્મળ મનની રૂપાળીએ પોતાનું કાર્ય સાધવા, જાણે તેને જ વશ હોય, અને તેના સ્નેહ સલિલમાં ઝીલતી હોય એમ જણાવવા સારૂ, અને પોતાની કળા ન કળાવવા સારૂ દામોદરે કરેલા હાવભાવ સહન કરી તેના પ્રેમને મજબુત કરવા ખાતર, અને પુછેલા સવાલનો પ્રતિઉત્તર આપતી હોય તેમ તેણે દામોદરને કટાક્ષબાણથી ગાઢ આલિંગન દીધું તેમ કરી બન્ને જણા પોતપોતાનું કાર્ય પાર ઉતરશે એ આશાએ આનંદ પર્વતના શિખરે ચઢયાં, અને કાંઇક યાદ આવતાં બન્ને જુદાં પડયાં.

પ્રકરણ ૬ ઠું.

સ્રીની મોહીની થકી, કોણ થયું નહીં વશ;
દામોદર રૂપાળીનું, જોયું વૃતાંત પ્રતક્ષ.

આગળના પ્રકરણમાં રૂપાળીએ બનાવટી વાતથી દામોદરને છેતરી પોતે હવે ત્યાંથી પલાયન કરવાનું ધારી રતનચંદ શેઠ અને દામોદર જ્યાં વાતોના તડાકા મારતા બેઠા હતા, ત્યાં ભારે શોકમાં ગરકાવ હોના જેવું મુખ કરી આવી બોલી. શેઠજી ! મારી મામીના સખત મંદવાડનો તેના પિયર-

થી કાગળ આવ્યો છે. તેમ મારા મોસાળથી પણ એક માણસ તે વિષે, અને તેઓના ત્યાં જવા વિષે, તેમ મને સાથે લઇ જવા વિષેના ખબર હમણાંજ આવી ગયો છે. તેથી હું તેમની સાથે જવા માટે આપની પાસે રજા લેવા આવી છું. તેમને જરા ફેર જણાતાં હું તરત જ પાછી આવીશ. હજી તેને પરણે પાંચ વરસે પુરા થયાં નથી. તેમાં આ ગોઝારા શ્રીમંતે આવી તે બિચારીની આ દશા આણી, મારો મામો કાંઇ પૈસાદાર નથી કે આના જતાં બીજી લાવે. બન્ને ધણી ધણીઆણી, ગરીબ ઘર સંસાર ચલાવી આનંદમાં દીવસો ગાળતાં હતાં તેમાં દુષ્ટ દૈવ આમ કેર કરવા ઉભો થયો છે. અરે બિચારી કેવી સહનશીલ અને સદગુણી ! કેવો પ્રભુને ઘેર અન્યાય ! આટલું બોલતાંની સાથે આંખમાં ઝળઝળીઆં લાવી આંસુ ટપકાવવા માંડયાં.

સ્ત્રિના ચરિત્ર અગાધ છે તેનો પાર પામવા ગમે તેવા પરાક્રમી પુરૂષ હોય તે પણ પાછો હઠે છે, તો તેમાં લુબ્ધ થયેલા અને મુઢ મનુષ્યો તેના મનનો ભાવ જાણવા શી રીતે શક્તિવંત થાય ?

દામોદર, રૂપાળીએ કહેલા વૃતાંતથી તેના સામુ ફીકા ચહેરાથી જોઇ રહ્યો. અને તે તેનાથી જુદી પડે છે તેથી તે દીલગીરી દેખાડવા લાગ્યો.

શેઠ ફફડીને બોલ્યા. અરે! આવા સમયમાં આ શી પીડા ? તું જતાં આ કામ કોણ કરશે ?" કીનારે આવેલું વહાણ થોડા સમય સારૂ શું કરવા ડુબાડેછે? શું ! બે દીવસ મોડી જાય તો ન ચાલે?

રૂપાળી દીનવદન કરી બોલી. શેઠજી! આપનું કહેવું ખરૂં છે. હું બધું સમજુછું પણ આ કારણથી લાચાર છું. હું બે દીવસ મોડી જાઉં; પણ તે અરસામાં તે કદી ગુજરી જાય તો મારૂં ખોટું દેખાય, અને લોક મારે માથે લુગડું પણ રહેવા ન દે. શું કરૂં ? લોકના ડરથીજ જવું પડે છે. નહીં તો

ચાલતા કામમાં મારી જવાની બીલકુલ મરજી નથી. જઈશ પણ જીવ અહીં ને ખોળીયું તહીં રહેશે.

જવા દો ત્યારે આ કામમાં આપણાથી રોકાય એમછે? દામોદરે રતનચંદ ભણી મોહ કરીં કહ્યું.

ઠીક, કયારે જવું છે? ઉતરી ગયેલા મુખે શેઠજીએ પુછયું.

આજ સાંજેજ. રૂપાળીએ જવાબ આપ્યો.

ઠીક. પણ ઝાઝા દહાડા ત્યાં રોકાતી નહીં હો ? વળી દશા થાય કે ઘડી પણ ઉભી રહીશ નહીં. તું સમજુ છે માટે તને વધારે કહેતો નથી. આ જોઈને તો જાય છે ને ? શેઠે હસાવીને બોલે તેમ કહ્યું.

શેઠજી બહુ નહીં રોકાઉં. આપ કાંઈ ચિંતા કરશો નહીં. હું તો જાણે આ આવી એમ સમજજો. એટલું કહી તે પોતાનો સામાન સમેટવા પોતાના સ્થાન પ્રત્યે ગઈ. પોતે હાથ કરેલા દાગીના અને ઉત્તમ વસ્ત્રની એક ટ્રંક ભરી લીધી. અને જે ફાટેલાં, તુટેલાં, અને નિરમાલ્ય થયેલાંની એક પેટી કે જેમાં પોતાના નવાં, સારાં, અને કીમતી વસ્ત્ર અને દાગીના ભરતી હતી તે પેટીમાં ભર્યાં. એવામાં સાંજ પડી અને વાળુ પાણી કરી ગાડીવાનને રાત્રે આઠ વાગે ગાડી જોડી લાવવા હુકમ આપ્યો.

રૂપાળીને જવાનો વખત જેમ જેમ નજીક આવતો ગયો તેમ તેમ દામોદરના ઉપરની લાલાઈ રૂપાળીના વદનમાં શરાવા લાગી. પણ આંહીથી પલાયન થઈ ધારેલે ઠેકાણે સહી સલામત કયારે પહોંચાય તે ઉર્મીથી તેના પેટમાં ફુર ફુરી થવા લાગી. તેમ અત્યારસુધી મેળવેલો યસ, અને ધનમાં ખામી ન પડે તે સારૂ ઘણી કાળજી રાખવા લાગી. તેણીની મહોબતમાં ગાંડો થઇ ગયેલો દામોદર તેણીના જતાં સુધી તેની પુંઠે પુંઠે ફરવા લાગ્યો. જેથી ઉપરથી પ્રેમ બતાવતી પણ અંદર ખાને તેની આવી વર્તુણકથી ખીજવાઇ જઇ હજારો અપશુકનોનો વર્ષાદ વર્ષાવતી હતી હતી. આ પ્રકોપને પોતાનું કાર્ય ફળીભુત કરવા ઉપર આવવા દેતી નહી. પાંચ,

છ, સાત અને આઠના ટકોરા વાગતાની સાથે રતનચંદશે-ઠની ગાડી આવી ઘરમાં પેશવાના મુખ્ય દ્વાર આગળ ઉભી રહી. ગાડી આવી છે તેવું ચાકરને કહેતાંની સાથે, સાથે લઇ જવાનો સઘળો સામાન ગાડીમાં મુકવા એક ચાકરને આજ્ઞા કરી. તેથી ઘરમાંના સઘળા ચાકરોએ મળી ટપોટપ સઘળો સામાન ગાડીમાં ગોઠવી દીધો. જેમાં શેઠના ઘરનો માલ ચોરીને રાખેલો તે પેટી રૂપાળીને લઇ ઊતરતાં દામોદરે દા-દર પાસે આવી સામેથી તેના હાથમાંની પેટી લઈ લીધી. આથી રૂપાળી કાંઈ ભય પામી ખરી, પણ તે પેટી, આવેલી ગાડી ભણી લઇ જતી જોઇ ભયને દુર કરી આનંદ-સાગર-ગરમાં ઝીલવા લાગી. પોતાનું કામ ફતેહ થયેલું જાણી રૂ-પાળી પરમેશ્વરનો બહુ પાડ માનતી શેઠને પ્રણામ કરી, ઘર ભળાવી, ધીરજ દેતી ગાડીમાં બેઠી. અને તરત ગાડી હંકારી જવા કોચમેનને હુકમ આપ્યો. રૂપાળીના જવાથી દામોદરને ઘર બિયામણુ જેવું લાગ્યું. રૂપાળીની સાથે પો-તાના પ્રાણ ગયા હોય તેમ હૃદય સુન્ય થઇ ગયો. શેઠ પણ તેણીના જવાથી અને પોતાના શિર ઘરનો બોજો આવી પ-ડવાથી નિરાશ થઇ ગયા. દામોદર અને શેઠે પાંચ સાત મીનીટ સુધી તો મુગે મુગે મોઢે ટેહેલા કર્યું. પણ આખર શેઠ બોલ્યા.

કેવી ગરીબ છોકરી ? કેવો તેનો શાંત સ્વભાવ ? શું તેની ચાલાકી ? અહા! એવી છોકરીઓ ભાગ્યેજ મળી આવે છે. ઘરની તો મને જરાએ ફીકર નહીં. પોતાનું ઘર નભાવે તેવી રીતે દરેકે દરેક બાબત પર પોતે દેખરેખ રાખતી. ઘરમાં પાઇનો બગાડ થતાં તે પેટ પુરૂં ખાતી નહીં. તેમ બીગાડ કરનારને સારી પેઠે ઝાટકી કાઢતી. એ જ્યાં સુધી નહીં આવે ત્યાં સુધી મને જરા પણ ચેન પડશે નહીં. શું કરૂં કે તેને તેની મામાના સખત મંદવાડને લીધેજ લાચારીથી રજા આપીછે. તેનું ચાલશે ત્યાં સુધી તે ત્યાં ઝાઝુ ટકશે નહીં.

શેઠજી ! જેવું આપને થાય છે તેવુંજ મને લાગી આવે

છે. મેં આપના કામના જેવાં ઘણાં કામ કર્યા છે. અને તેને લીધે ઘણી સ્ત્રીઓથી પ્રસંગ પડયો છે. પણ સર્વ આનાથી હેઠ? શું તેની કામ કરવાની ફુરતી? અવરજનની બરદાસ કરવાની રીતી! ગુણીયલ સ્વભાવ! અને સર્વની સાથે મળતાવડાપણું જોઈ હું તો દંગજ થઇ ગયો. મારા કામમાં મને બહુજ મદદ આપતી હતી. અને ગુરૂવારે ચોર લોકો આ ઘરમાં આવવાના છે તે એનેજ મને ખબર આપી હતી. એની બુદ્ધિ પુરૂષને પાછા હઠાવે તેવી છે. તેનો હસતો ચહેરો ફક્ત આપના આ બનેલા કાર્યથીજ મલીન રહેતો હતો. શેઠજી સાથે આ વાત કરતો. પણ મનમાં તે ક્યારે આંહીથી ટળે ને મારી મન મોહનાને જઇ મળું એવી વાટ જોતો હતો. થોડી વાર પાછા આમ તેમ ફરી દામોદરને સુવા જવાનું કહી પોતે પોતાના શયનગૃહમાં પધાર્યા.

શેઠના જવાથી દામોદર બહુજ રાજી થયો, અને તેની સઘળી રોમરાજી ઉભી થઇ, કરી, પોતાના સ્થાનેથી કપડાં નીસરણીથી હુર્બલેર ઉતરતો, અને તેના આવેશથી પગથીયું ભૂલી જતાં ઠબકાં ખાતો, વાગતાને નહી ગણકારતો, નીચે હેવડી આગળ આવી પોતે પાછો આવે ત્યાંસુધી ડેલી ઉઘાડી રાખવાની આજ્ઞા કરી ભાડાની ગાડી આવતાં મુલ ઠરાવ્યા વિના તેમાં બેશી તાકીદે સ્ટેશનપર લઇ જવા ગાડીવાળાને કહ્યું.

એટલા બોલ નિકળતાની સાથે ગાડીવાળાએ ઘોડો મારી મૂક્યો કે પાંચ મીનીટમાં સ્ટેશનપર લાવી ઉતારી મુક્યો. દામોદરે ગાડીમાંથી ઉતરતાં તેને જલદી સ્ટેશનપર લાવ્યો તેથી ખુશી થઇ ગાડીવાનના હાથમાં એક રૂપૈયો મુક્યો. ધોળો અને ચળકતો રૂપાનો રૂપૈઓ જોઇ ગાડીવાન તેના ઉપર ખુશ ખુશ થઇ ગયો. અને હમેશાં આવા શેઠ મળજો એમ મનને કહેતો બાહ્યોચાર કર્યા વિના ગાડીઓ ઉભી રહેવાના મુકામે ગાડી લઇ જઇ ઉભી રાખી.

દામોદર સ્ટેશનના પગથીઆં ચડતો ચડતો રૂપાળી કથાં

હશે એમ ધારી જોતો જોતો ઓટલા ઉપર ચડ્યો.

રૂપાળી, ગાડી આવવાની વાર હોવાથી ટીકીટ નહીં થવાને લીધે બેસારૂઓને બેશવાને ઓટલે પોતાનો સામાન કોઇ તફડાવી ન જાય તેને માટે તેપર નજર રાખી બેઠી હતી. દામોદરને પહેલેજ પગથીએ પગ મુકતાં જોઇ ચમકી. અરે! આ અહીં ક્યાંથી? મેં માલ ચોર્યો છે તે તેને ખબર પડવાથી શું તે મને આંહી પકડવા આવ્યો છે? આ ખબર તેને કોને કહી? મારા શિવાય બીજું કોઇ જાણતું તો નથી જ! જનસમુહ પાપ હડકાયું કહે છે તે ખરી વાત. હવે હું ક્યાં જઉં ને શું કરૂં? શું આ બધું આમને આમ મુકી નાશી જાઉં? તેને મને હુજી લગણ જોઇ હોય તેવું જણાતું નથી. કદાચ નાસતી જોઇ પકડી લે તો શી વલે? આ તો ફજેતી થવાનો વખત આવ્યો, ભુંડુ થયું. ઘણા દીવસ સુધી જાળવી રાખેલી આબરૂ જવાનો અંત આવ્યો. હવે કરવું કેમ? એમ મનમાં ગભરાતી અને ભય પામતી પાસે પડેલા મોટા દેવદારના ખોખાંની પછવાડે સંતાવા વિચાર કર્યો. અને આસ્તે આસ્તે ખસતી ખસતી સામાન જેમનો તેમ રહેવા દઇ ખોખાની પછવાડે છુપાઇ ગઇ.

દામોદરે ચારે બાજુ જોઇ રૂપાળીને ન દેખવાથી નિરાશ થયો. અને મન સાથે વિચારવા લાગ્યો કે તેણી હજુ સુધી આંહી આવી નથી તો તે તેના મોસાળ તો નહીં ગઇ હોય? ગાડીના વખતની વાર હોવાથી કદાચ ત્યાં ગઇ હશે? ચાલ? પાસ કઢાવી અંદર જઈ બાંકપર બેસું. હમણાંજ જ્યાં હશે ત્યાંથી આવશે; એમ વિચારી પાસ લઇ સ્ટેશનની અંદર ગયો, અને રૂપાળી જ્યાં સંતાઇ હતી તેની પીઠ પછવાડેના બાંકપર જઇ બેઠો, કે જ્યાં આગળથી બેસારૂને અંદર લેવાનો દરવાજો હતો.

દામોદરને ત્યાંથી દુર ખ વાથી રૂપાળી, ?પોતાના માથે આવેલો ભય દુર થયો જાણી મનમાં અતિ રાજી થઈ અને

પ્રભુનો પાડ માનવા લાગી.

દામોદર, ઓટલા ઉપર ચડવાના પગથીઆં ભણી વારે વારે જોવા લાગ્યો. અને ઘોડા ગાડીમાંથી જે ઉતરતું તેને પણ તીણી આંખે જોવા લાગ્યો. ઘોડા ગાડી પગથીઆ નજીક આવતાં ખુશી થતો, અને ગાડી ખાલી થઇ ઉભા રહેવાના સ્થાને જતી જોઈ નિરાશ થતો. આગલા સ્ટેશનથી ગાડી છુટવાનો ઘંટો થતાં ગભરાવા લાગ્યો કે હજુ સુધી કેમ નહીં આવી ? શું તેને ગાડી ઉપડવાના વખતની ખબર નહીં હોય ? કે કોઇ કારણથી રોકાણ થયું હશે ? હશે ગમે તેમ હોય પણ આંહી બેસવું જ ઠી૦ છે. હજી ગાડીને ઉપઠવાનો આશરે અરધો કલાક છે, તેટલામાં તો તે આવી પુગશે. એમ ધારી ગાડી આવવાના પાટાભણી નજર કરી બેઠો. થોડીવાર થઈ એટલામાં પાછો ગાડી આવ્યાનો ઘંટ વાગ્યો ને શિશુડો વગાડતી સડસડાટ સુસવાડા ભેર ગાડી સીગલ પાસે આવી ત્યાંથી મંદમંદ મતિએ ચાલતી સ્ટેશન ઉપર આવી અટકી. એ જોઇ–અરે હજુ પણ ન આવી ? ગાડી તો આવી ને તે દશ મીનીટમાં ઉપડી જશે. ત્યારે હું સામો જાઉ ? જરા વિચારી ના, ના. હું જાઉ ને તે આવે તો પછી નહીં અહીંનાને નહીં તહીંના જેવું થાય, ને માશુકને મળ્યા વિના વિલે મોઢે પાછું જવું પડે. શું જોઇને ત્યાં ઉંધું ઘાલીને બેશી રહી હશે ? કદાચ તેની મામી ગુજરી ગયાના ખબર આવવાથી રોકાઇ ગઈ હોય તો શી ખબર ? ટુંકા વખતમાં આવશે તો મળાસે શી રીતે? કેવી મુરખ ! અરે પણ હું આંહી આવ્યો છું તે નેતેની શી ખબર ? હશે? બેશ જીવ હેઠો, અને ધીરજ ધર. ગાડી ઉપડી ગયા વિના તારાથી જવાય તેમ છે ? આટલું બોલી નિચે સાસે બેઠો.

ગાડી આવી સ્ટેશનપર ઉભી રહેતાં નોકરોએ સુંદરપુર નામ પોકારતાં જે ત્યાં ઉતરવાના હતા તેમાંથી કોઇ ચાવીવાલા, કોઇ પોટર, એમ બુમ મારતા અને કોઇ જતા આવતા સીપાઈ, પોટર, અને માસ્તર વીગેરેને ઘાંટા પાડી બા-

રણું ઉઘાડવાની અરજ કરવા લાગ્યા. જે જે ડબામાંથી ઉતારૂ ઉતરવાના હતા, તે તે ડબાનું બારણું ચાવીવાલાએ આવી ઉઘાડી તેઓને સામાન સહીત નીચે ઉતાર્યા. કેટલાક પોટરો, શેઠ શાહુકારોને પોતાની પાસેનો માલ ઉપડાવવા પુછવા લાગ્યા. અને સાધારણ વર્ગના માણસો પોતાની પાસેનો વધારે બોજાને ઉંપડાવવા પોટરને હાંકો મારવા લાગ્યા. ત્યાં ઉતરેલા ઉતારૂને ટીકીટ લેનાર માસ્તરે આવી ટીકીટ લઇ બહાર કહાડવા માંડ્યા. ગીરદીને લીધે તેમ હું જલદી બહાર નિકળી જઈ વહેલો ઉતારે પહોચું એ આશાએ ધકા મુકી કરતા કચડાતા અને કચડતા તથા માસ્તરના હાથનો તથા પોલીસનો માર ખાતાં કોઇ પાછા હડતાં અને કોઇ જબરાઇ કરી બહાર નિકળતા હતા તમામ ઉતારૂ ખલાસ થયા પછી તેજ માસ્તરે ટીકીટો જોઈ જોઇ તથા તેને પંચ કરી તે બેસારૂને પાછી આપી આર્પોને અંદર દાખલ કર્યા. જે જે બેસારૂ ગાડી પાસે આવતા તે ગાડીમાં જરાક જગા દેખતાં સામાન પડી જવાની ફીકર ન કરતાં તેમ અંદર બેઠેલા માણસોના હડસેલા ખાતા જગાર. માણસ તેમાં બેશી જતાં અને જરા છાતીના પોચા બીકથી પાછા ઉતરી બીજે બેસવાની દોડમદોડ કરતા હતા.

બેસારૂને અંદર ડાખલ કરે છે એવું જાણી દામોદર તે ભણી નજર રાખી બેઠો. થોડાક બેસારૂ અંદર દાખલ થયા પછી પોટરોને માથે ઉપડાવેલા સામાન સહીત રૂપાળીને અંદર પેસતી જોઇ અતિ હર્ષાતુર થયો. તરત બાંક ઉપરથી ઉભો થઇ જેવી રૂપાળી ઝાંપામાં પેશી ગાડીમાં બેસવા જાયછે તે જોઇ દામોદર બોલ્યો. રૂપાળી !

પોતાના નામનો અવાજ આવતો જોઈ રૂપાળીએ તેભણી જોયું. અને દામોદરને નિરખતાંજ તેનાં હોંજા નમી ગયા. મુખ મલીન થયું, અને પગ શક્તિહીણ થઈ ગયા. હોશ કોશ ઉડી જવાથી કાંઇપણ પ્રતિઉત્તર આપ્યો નહીં તેથી, તેમ તેના શરીરની આકૃતિ જોઈ દામોદર બોલ્યો; શું તમારી મામી પાછાં થયાં ?

આ શબ્દ સાંભળી રૂપાળી પાછી સતેજ થઇ. મુખ ઉપરની લાલી પાછી ખીલી નીકળી અને પગમાં હતું તે કરતાં વધારે જોર આવ્યું. તે જે ભયથી ભયભિત થઇ ગભરાઇ ગઇ હતી, તે ગભરામણ દુર થઈ અને ભય દુર ભાગી ગયો, તેથી હર્ષાવેશથી બોલી. તમે આંહી ક્યાંથી? કઇ વખતના આવ્યા છો? હું તો ક્યારની તમારી રાહ જોઇ બહાર બેઠી હતી, ત્યાં તો તમે મુદલે જણાયા નહીં. શું ઉડીને આંહી આવ્યા કે કાંઇ મંત્ર સાધી આંહી ભરાયા? તમે તો બડા ચમત્કારી જણાઓ છો ને શું? શા માટે નાહક આટલે સુધી આવવા તસ્તી લીધી?

મેં તો તમને ઘણાંએ શોધ્યાં પણ કાંઇ જણાયાંજ નહીં ને! ક્યાં છુપાઇ બેઠાં હતાં? હું તો તમારા વિના ક્યારનો કાયર થાઉછું. હજુ સુધી ન આવ્યાં તે માટે અપાર તરંગો કરતો આ બાંક ઉપરજ બેઠો હતો. પોટરે બુમ મારી કે ચાલો બેશી જાઓ, હવે ગાડી ઉપડવાની થોડીવાર છે. તેથી રૂપાળી અને દામોદર ગાડી ભણી ગયાં. ઓળખીતા પોટરને કહેવાથી તેને એક અલગ ખાનું ઉઘાડી આપ્યું અને તેમાં સઘળો સામાન ગોઠવ્યો એટલે રૂપાળી તે ખાનામાં ચઢી બેઠી. ને પોટર ચાલતો થયો,

વહાલી! આટલો બધો સામાન, થોડા દીવસ રહેવું માટે શું કરવા લઈ જાઓ છો નાહક લઇ જવા લાવવાની મહેનત શું કરવા ઉઠાવી.

તમે જાણો છો ને!! કદાચ ત્યાં વધારેજ રહેવું પડ્યું તો? આ તો સાથે હોય તો કામ લાગે એમ ધારી આટલું બધું લીધું છે. મંદવાડનું કામ છે કદાચ બે લુગડાંનો મંદવાડવાળીને ખપ પડયો તો પાસે હોય તો ઉપયોગમાં આવે. જ્યાં પરાણે પેટ ભરાતું હોય ત્યાં ફાલતુ લુગડાં ક્યાંથી હોય? લ્યો હવે પાછા જાઓ. વખત ઘણો થયો છે તેથી શેઠ તમારી વાટ જોઇ બેશી રહ્યા હશે. શેઠજીને ધીરજ આપજો.

અને હું નથી તથી ઓછું આવવા દેશો નહી. તમે તમારા કામમાં મંડયા રહી તેમનું કાર્ય પાર મુકી આપજો. હું મારૂ ચાલતા લગી ઝાઝા દીવસ કરવાની નથી.

કાંઈ ફીકર નહી સૌ સારૂંજ થશે. પણ જેમ બને તેમ ફરી જલદી આવવાનું કરજો. એટલું કહેતાની સાથે પોતાના ખીસ્સામાંથી પાકીટ કાઢી તેમાંથી પાંચ ગીની તેના હાથમાં મુકી. કેટલીક રકઝક કરતાં ગાડી ચાલવાની સીશોડી ગારડે વગાડી સર્વને ગાડીથી વેગળા ખસવા ચેતવણી આપી, તેથી દામોદર આઘો ખશી બોલ્યો. સ્નેહ વિસારતાં નહીં. અને ફુરસદ મળે પત્ર પાઠવવા પણ ચુકતા ના.

બહુ સારૂં. પણ તમે તમારા આદરેલા કામમાં ફતેહ પામી, ઘરવાળનાં મુખડામાં ફસાઈ, કે અવર નારીના હાવ ભાવમાં મગ્ન થઇ આ અબળાને હૃદયથી અલગ કરતા નહીં. હો!! મલકતે મુખડે અને કટાક્ષના બાણે રૂપાળીએ દામોદરને કહ્યું. જાણે ઊત્તર સાંભળવા રાજી ન હોય તેમ શીશુડો વગાડતી મંદ મંદ ચાલે ગાડી ચાલવા ચાલી. જેમ જેમ ગાડીના ચાલવાનો વેગ વધવા લાગ્યો, તેમ તેમ રૂપાળીના આનંદનો વેગ વધવા લાગ્યો. પોતાના કામમાં ફતેહ પામી તેથી પ્રભુનો ઉપકાર માનવા લાગી. દામોદર આવો હુશિઆર છતાં પોતાનાથી તે છેતરાયો તેથી તેની મુર્ખાઇ પર વારે વારે હસવા લાગી. ગાડી ચાલતાં ચાલતાં વળાવવા આવેલા લોકો જનારને, હુસે રહેજો, સાચવીને બેસજો, સૌને બોલાવજો અને સર્વની સંભાળ રાખજો. વીગેરે સામા જવાબ લઇ પાસ પાછા આપી સૌ સૌના સ્થાન પ્રત્યે ગયા. આપણો દામોદરભાઇ પણ વિલે મોઢે અને ભાગે ટાંટીએ ગાડી નહીં મળવાથી પગ ઘસડતાં શેઠના ઘેર જઇ ચુપચુપપણે સુઇ ગયા.

પ્રકરણ ૭ મું.

પરના કહેવા પર કદી, રાખે જો વિશ્વાસ;
કામ આદરે આપણું, કર્યા વિના તપાસ.

એથી અધિકકો મુર્ખ નહીં, જગમાં તેને જાણુ;
હાસ્ય પાત્ર થઇ અવનિમાં, ખૂએ તે નિજ પ્રાણ;

રૂપાળીને બતાવેલ શુક્રવાર આવ્યો. તે દીવસે દામોદર પોતાના નિયમ કરતાં વહેલો ઉઠી મળથી સાફ થઇ મુખ પ્રક્ષાલન કરી ચાકરે આણેલી ચા ટાઢી કર્યા વિના બળતા મોએ પી લીધી. તરતજ સ્નાન કરી વસ્ત્ર સજી આજ પોતાને જસ દેવી વરશે એ વિચારના હર્ષથી પોતાના ખાતા ભણી ગયો. પોતાના મદદનીશો તથા બીજા અમલદારો અને કેટલાક સીપાઇઓને સાંજના છ વાગતાં રતનચંદ શેઠના ઘર આગળ હાજર રહેવાનું કહી તરત પાછો રતનચંદ શેઠના ઘેર ગયો. જમી ઉઠી, બે ઘડીમાં આખી રાતની ઉંઘ કાઢવા સયામાં સુતો, સાંજ પડી અને વાળુ કર્યા પછી થોડીજ વારે સંધ્યા સમય થયો. તરતજ એક પછી એક એમ કેટલાક સીપાઈ અને કોન્સટેબલો એકઠા થયા કે જેથી શેઠની નીચેની દેવડી ઠીચોઠીચ ભરાઇ ગઈ. ઘરથી ફરતા પચાસ કદમ છેટે ચારે બાજુ પોલીસને છુપા રાખ્યા અને કેટલાક સીપાઇઓને જે ઓરડાની બારીથી શક પડ્યો હતો તે ઓરડામાં બેસાડયા. કોન્સટેબલોને પોતાવી પાસે પોતાને આપેલા ઓરડામાં બેસારી ગામ ગપ્પા હાંકવા માડયા. આટલું બધુ કર્યા છતાં શેઠના ઘરની પાસેના રસ્તા ઉપર ચોકી કરતા પહેરેગીરો ને તદન અજાણ્યા રાખ્યા હતા નોકર ચાકરને પણ તે રાતના ઉંઘવાની મનાઈ કરવામાં આવી હતી. અને સખત હુકમ આપ્યો હતો કે જરા ખડખડાટનો અવાજ આવતાં તે ખબર તરત આપી જવા.

આથી ઘરના સઘળા માણસો કોઇ કોઈની સાથે, ને કોઇ કોઇની સાથે વાતોના તડાકા મારતા જુદા જુદા મંડળીના આકારમાં બેઠા હતા. કોઇ ઠેકાણે હુકા ગડગડાતા હતા તો કોઇ ઠેકાણે બીડીઓ ફુંકાતી હતી. કોઇ ઠેકાણે ચલમો પીવાતી હતી તો કોઇ ઠેકાણે તપખીરના તડાકા ચાલતા હતા. આમ ઘરના ચોકમાં દેવડી ઉપર અને મેડી મજલા ઉપર

ચાલી રહ્યું હતું. વર્ષાઋતુ બેસતાં તે ક્યારે આવે તેની વાટ જોતાં જેમ બેસી રહીએ તેમ ચોર લોકો ક્યારે આવશે એમ વાટ જોતાં સર્વ જણા ખુલ્લા નેત્રે ચારે બાજુ જોતા છાપરૂં અને અગાશી નિહાળતાં તથા બારી બારણા ભણી નજર કરતા બેઠા હતા. એક થયો, બે થયા, ને ત્રણ થયા, ત્યાં સુધી કોઇ પણ, ઘરમાં પેસતું, ક્યાંઈથી આવતું, કે ઉપરથી નિચે ઊતરતું કાંઇ ગણ જણાયું નહીં. આથી દામોદર વિમાસણમાં પડયો. અને શંકાશિલ થઇ અનેક તર્ક વિતર્ક કરતો નિરાશ વદને મન સાથે બોલ્યો—આજે શું થયું ? શું તેઓ આજ આવવાનું ભુલી ગયા હશે ? કે આ બંદોબસ્તથી તેઓ જાણીતા થયા હશે ? આ ગામથી અહીં ચોકી કરતા પહેરેગીરને અજાણ રાખ્યા તેથી તેઓને જાણ થતાં તેઓએ લોભ કે દ્વેષની ખાતર તે લોકોને ખબર તો નહીં આપી હોય ? ગમે તેમ હો, પણ કાંઇ થયું ખરૂં.

કોનસ્ટેબલો જે દામોદરની પાસે બેઠેલા હતા તેમાંથી એક બોલ્યો, કેમ દામોદરભાઇ ! તમારા ચોર ક્યાં ગયા ? આવી ખબર આપી તમને કોઇ ઠગી ગયો જણાય છે.

ખબર આપનાર ઠગારો છેજ નહીં. તેઓની મસલત કાનો કાન સાંભળી મારી ખાત્રીના માણસે મને આ ખબર આપી હતી દામોદરે ઉજળી પુણી જેવા મુખે પુછનારને જવાબ આપ્યો. પણ તેઓ હજુ સુધી ન આવ્યા તેનું કાંઈ કારણ હોવું જોઈએ.

એજ ભરોંસાની ભેંસે પાડો જણ્યો હોય એમ જણાય છે. સ્મિત હાસ્ય કરી રામેશ્વર બોલ્યો.

અરે નારે મારા મહેરબાન ? એમ તે હોય ? હમણાજ દામોદરભાઇના ચોર આવશે જરા હોશિઆરીથી રહેજો હો. તે નાશી જવા ન પામે. ઉપહાસ્યથી ઉલટરામ બોલ્યો.

દામોદરભાઇ ! તમે એકલશુરા થયા તેનું જ આ ફલ જણાય છે. જો બીજાને ભાગીદાર કર્યા હોત તો આ વખત ન આવત. જટાશંકર જુગતિ બોલ્યો.

અરૂણોદયને આવવાનો સમય જાણી નિશા બાઈ ધીરે ધીરે ખસવા માંડયાં આથી વિલાસી નર નારીઓના મુખ ગ્લાન થયાં. નિશાચર પ્રાણી અને મનુષ્યો શોકાતુર થઇ પોત પોતાના શ્થાનમાં પેશવા લાગ્યાં. રાત્રિનો સ્વામિ પણ તેજ વગરનો થઈ ગયો. થંટીનો ઘોરનંદ, કુકડાનો કુકડુ કુકનો લહેકાતો અવાજ, કાગડાનો કોલાહલ, નાના બાળકોનો રૂદનાલાપ, મજુર વર્ગ જનનો કોલાહલ, પતિ મરણ વાળી સ્ત્રીનું આક્રંદ અને કમળના પરિમલથી લોભાઈ તેમાં ગુંથાએલા મધુકરનો તેમાંથી છુટવાનો હર્ષારવ સંભળાવા લાગ્યા. પ્રેમીનો વિરહ થશે એવા સંતાપથી સંતાપાતી સ્ત્રી અરૂણોદયને જાણે જોવા ન ઇચ્છતી હોય તેમ પ્રેમીને ગુપ્તપણે ઘરની બહાર કાઢી તરત દ્વાર બંધ કરી વસ્ત્ર ઓઢી આખી રાતના ઉજાગરાથી ઉંઘવા લાગી. જેમ જેમ પ્રકાશ વધવા લાગ્યો તેમ તેમ ચોરની પેઠે દામોદરભાઈનું મુખ કમળ કરમાવા લાગ્યું. સર્વની આગળ વિલખો થયો તેથી, અને અવરજને કરેલા ઉપહાસ્યથી હેમંત રૂતું છતાં ગ્રીષ્મ રૂતુની પેઠે પરીતાપથી અકળાવા લાગ્યો. વહાણું વહાતાં સર્વને વિલે મોઢે પોતાના સ્થાન પ્રત્યે જવા રજા આપી. અને સર્વ નોકર ચાકરને સૌ સૌના કામે વળગવા કહ્યું. સર્વના ગયા બાદ ફક્ત દામોદર વિચાર વમળમાં ગોથાં ખાવા લાગ્યો. આખી રાતનો ઉજાગરો, અને પોતાના કામથી પામેલી હારથી તેના મુખપરનું લોહી તમામ ઉડી ગયું. હવે શો ઉપાય કરવો, કેવી યુક્તિથી ચોરને પકડવા તે વિચારવા ખુરશીમાં બેસી લમણાને ડાબા હાથની હથેળી ઉપર ટેકવ્યો. સાળો, શિકાર હાથમાંથી જતો રહ્યો. પણ એમાં શિકારની કે બીજા કોઇની ભુલ નથી. મારી મુર્ખામીથી હું મારા કામમાં નિષ્ફળ થઇ સર્વનો ઉપહાસ્યપાત્ર થયો છું. મેં આવી રીતે સર્વને એકઠા કરી ધાંધલ ન કર્યું હોત તો જરૂર મારા કામમાં હું ફતેહમંદ થાત. બસ! હવે

કોઇની પણ મદદ લીધા વિના તેઓની તપાસ કરતો બેસુ". તેઓએ પગ મુકયો કે પકડતાં શી વાર લાગવાની છે ? કારણ કે ઘરમાં એ મદદને સારૂ પુરતા માણુસ છે. આમ થયું તો સર્વની અજાયબી વચ્ચેથી યશરાજને હરી લઇશ. આમ મનમાં વિચાર હું ઉત્પન્ન થતાંજ તેના અંગપુરમાં શુરતાએ પ્રવેશ કર્યો. અને તે જાતે ને પોતે તપાસ કરવામાં ગુંથાયો. કૃપાળી હોત તો તેના કામમાં કાંઇક ખલલ પડત. કારણુ કે તેના ઉપરના મોહની ખાતર વારેવારે તેના દર્શનની ઇચ્છા કરત. અને તે કારણુથી બહુ વખત બહાર રોકાત નહીં. પણ આ સમે તો ખાધાપીધાની કે સુવા બેસવાની કાંઇપણ દરકાર ન કરતાં દીવસે બાતમી મેળવવા બહાર અને રાત્રીએ ચોરોને પકડવા ઘરમાં રહેતો. એમ કરતાં કરતાં બે દીવસ વહી ગયા પણ ન મળે ચોર કે ન મળે તેની વાત. આથી તે ગભરાયો ને મનમાં બોલ્યો, અહીંના પહેરેગીર જરૂર તે લોકોને મળી ગયા લાગે છે. તે વિના આમ હોય જ નહીં. બંદોબસ્તની જાણુ થતાં ન આવે પણ તે દુર થયા પછી જરૂર આવવા જોઇએ. ઠીક છે આ કામમાં પાર પડ્યા પછી તેઓની વાત !

આમ વીચાર કરતો પાછો ત્રીજે દીવસે પણ ચોરોનો પત્તો મેળવવા બહાર નિકળી પડયો પણ સાંજ પડતાં સુધી તે સંબંધી કાંઇ હીલચાલ માલમ પડી નહીં તેથી નિરાશ થતો અને આખા દિવસનો રખડવાથી થાકી લોથ થયેલો દામોદર શેઠને ઘેર ન જતાં પરબાર્યો પોતાને ઘેર ગયો.

પ્રકરણ ૮ મું.

હીત ચાહે જો આપણું, કરે ન નારી સંગ;
જે નારીના વશ પડ્યા, ખુએ ધન જશ અંગ.

ચોરોને પકડવામાં નિષ્ફળ થયેલો દામોદર નિરાશ વદને પોતાના ઘરમાં જ્યાં તેને બેસવાની જગા હતી ત્યાં એક ખુ-

રશીપર રસ્તે જનારને જોઇ શકે તેવી રીતે બારી આગળ મુકી બેઠો હતો. આજસુધી તેના હાથ આવેલા કામમાં કોઈ વખત નિષ્ફળ થયેલો નહી હોવાથી તેની કીરતિ સુર્યના તેજની માફક ઝળહળી રહી હતી, તે આ કામથી તેની કીરતિમાં કાંઇક ઝાંખ પડી. જે લોકોને તે હસ્તે મુખે બોલાવતો તે માણસોએ તેને બોલાવતાં કાંઇપણ જવાબ ન આપતાં તથા તેઓની સામા દ્રષ્ટી ન કરતાં છેલ્લા કામની હારથી શરમાઇ નિચુ જોઇ ચાલતો. ઘરમાં પુરૂ કોઈ સાથે બોલતો વટીક પણ નહીં. તેમ ખાધા પીધાનું પણ ભાન ખોઇ બેઠો હતો. આવિ વિકળ દશામાં બારી પાસે બેઠેલા દામોદરને રૂપાળી સાંભરી આવી અને મન સાથે બોલ્યો.

જેની ભાગ્યદેવી પ્રતિકુળ તેને સર્વ પ્રતિકુળ. રૂપાળી અવળી થઇ બેઠી. અહીં તો અપાર પ્રીતી દર્શાવતી હતી, અને ગયા પછી તરત કાગળ લખવાનું કહી ગયેલી તેને આઠ આઠ દીવસ થતાં પણ હજુ સુધી કાંઇ પત્ર નથી એ શું ? શું તેની મામીના મંદવાડને લીધે તે લખી શકી નહીં હોય ? કે તેના મરણના શોકમાં તે ભુલી ગઇ હશે ! વખતે રતનચંદ શેઠનો ગયેલો તમામ માલ તેને ઉચાપત કર્યો હોય અને તેમાં સપડાઇ ન જાય તેના માટે તો તેને મારી સાથે સ્નેહ નહીં જોડ્યો હોય ? પણ તેવું કાંઇ તેના ઉપલક્ષણ ઉપરથી જોવામાં આવતું નહોતું. કદાચ તે પોતે જ અશક્ત થઇ હોય તો કોને ખબર ! કાંઇ પણ ભેદ હોવો જોઇએ, તે શિવાય આમ પત્રમાં ઢીલ થાય નહીં. એવા વિચારમાં તલ્લીન થયેલા દામોદરનું નામ પોકારતો પોષ્ટમેન પત્ર નાંખી ચાલતો થયો કે તરત જ મેડી પરથી ધડબડ ધડબડ હેઠો ઉતરી પડેલા પત્રને ઉંચકી પાછો મેડા ઉપર જવા નિસરણીએ ચડ્યો. ને ચડતાં ચડતાં કોના અક્ષર છે તે નિહાળવા લાગ્યો. અક્ષર ઓળખતાં જ તે પત્રને પોતાના હૃદય સાથે દાબી આંખે અડકાડી, ન ગણી શકાય એટલી ચુંબીઓ લી-

ધી આથી તેનો સર્વ શોક સમાઇ ગયો. અને સ્યામતાને દુર કરી લાલાશે મુખપર વાસ કર્યો. ગયેલી શકિત પણુ પાછી આવી વશી. અને હૃદયસાગરમાં વિચારતરંગ ઉછાળા મારી જે શરીર જંતુને પજવતા હતા તે નિર્ભય થયા. હર્ષાવેશથી કવરની ઉપલી કીનારી ફાડી અંદરના કાગળને ચડપ દેતાં તે બહાર કહાડયો. ઘડી કરેલો કાગળ ઉખેડયો અને તેને પ્યારથી ઉકેલવા માંડયો. તેમાં નિચે પ્રમાણે લખેલું હતું.

મારા પ્રેમને ચાહનાર, મારી સુરતિને હૃદય મંદીરમાં સ્થાપન કરનાર, તમારી નિતિ રીતીને વિસારનાર, પરના મનને નહીં જાણુનાર? આપની કૃપાદ્રષ્ટીથી મારૂં કાર્ય પુર્ણ રીતે પાર ઉતારી મારા ધારેલા ઠેકાણે સહીસલામત પહોંચી છું. આ ઉપકારનો બદલો મેં પુરેપુરો વાળ્યો છે, કે જે વાર મેં બતાવ્યો હતો તે દીવસે સખત ઠંડીની લહેરમાં આપને ઉંઘવાની તસ્તી પડી નહીં હોય. જો તે દીવશે આપના શરીરમાં ઠંડી ભરાઇ ગઈ હોય તો ખળખળતાં ગરમ પાણીથી નાહી થાક ઊતારજો. અને મળવાની આશામાં ફરતા મનને સ્થિર કરજો. તમે મહેરબાનીની રાહે જે પેટી ઉતારતાં મદદ કરી હતી તેમાં જ મારા શેઠના ઘરમાંથી ચોરાયલા સર્વ દાગીના અને રોકડ હતું. તે ચોરેલી માલમત્તાથી અમો દંપતી ધનવાનની પંકિતમાં આવ્યાં છીએ. અને તે લક્ષ્મીના ઉપભોગથી આશાએશ કરવા અમો સ્ત્રી ભરથાર બન્ને જણા આ કાગળ લખી તરત ઉપડી ગયાં છીએ. તમો કેવા ને કેટલા હુંશિઆર છો તે આ કામથી અમે જાણીતાં થયાં છીએ. અને તે સાંભરતાં તમારી મુર્ખાઇ ઉપર વારંવારે એક બીજાને હાથે તાળી આપતાં હશી પડીએ છીએ. મહેરબાની કરી અમારી છેડ લેતા ના. કારણુ કે રતનચંદ શેઠનું જેવું લીલું વાળી જશના ડંકા બજાવ્યા તેવી જ રીતે હવેની શોધમાં જશ પામશો.

લી. તમો જેને માશુકની નજરે નિહાળતા

હતા તે નારી.

ઉપરનો પત્ર વાંચી દામોદર અજાયબ થયો, અને જીવ રહીત માણસ જેવી સ્થિતીને પામ્યો. મુર્છાગતની પેઠે કેટલીક ઘડી સુધી અવાચક રહી, થોડીવારે જરા શુદ્ધીમાં આવી ફરી તે કાગળ વાંચ્યો. તે કાગળથી તેના શરીરમાં ક્રોધાગ્નિ સળગી ઉઠયો અને તેની જવાળા આંખદ્વારાએ અવરજનની દ્રષ્ટે પડી. કાગળને દૂર ફેંકી દઇ મનમાં બોલ્યો. એ રંડાએ મનેજ ઠગ્યો ? મને કેવી માઠી બુદ્ધ સુઝી ? એનાર્થ. અધિક રૂપાળી અને સૌંદર્યવાળી કામાઓની કટાક્ષ કટારીથી ના ડગ્યો, પણ આ પાપીણી તો પોતાના પાસમાં સપડાવવા સમર્થ થઈ. તે દીવસે મને ખોટા સમાચાર દઇ મારા ખાતાના માણસો સામા અશિઆણો પાડનાર તેજ હતી કે ? એ દૂષ્ટાની પ્રપંચજાળથી જસ દેવ અવળો થઇ મને નિસ્તેજ કર્યો. એ દુષ્ટા હાથ આવે તો તેના પ્રાણને પલક પણ રેહેવા ન દઉં. હું સર્વમાં ચાલાક ગણાતો તે ચંડાળણીના ચરીત્રને ન પરખી શકયો ? સ્રીની મોહીની અજબજ છે ? તે ભલભલા અને પૃથ્વિતલમાં પુજાતા દેવદાનવને પણ લુબ્ધ કરવા ચુકી નથી. સ્રીચરીત્ર જગતમાં વખણાય છે તે ખરૂંજ છે, તેના હૃદયનો ભેદ પામવા આ ભુમંડળમાં કોઇજ શકિતવાન નથી. આજસુધી હું તેનાથી અલગ રહેતો હતો અને તેઓને ધિકારના વિકારથી જોતો હતો તે ઠીકજ હતું. જ્યાંસુધી તેના પાસમાં પડયો નહોતો ત્યાં સુધી મારી જાહોજલાલીમાં જરા પણ ઝાંખ પડી નહોતી. પણ જ્યારથી મારૂં મન તે પાપીણીમાં ભરાયું ત્યારથી કીરતિ અને શકિતને ખોઈ બેઠો છું. અરે! હવે હું જગતમાં શું મોહોડું દેખાડું ? મારા મીત્રમંડળમાં અને મારા કામવર્ગમાં હું હાસ્યપદ થઈ હલકો થયો છું. જે મને જોઇ થરથરતા હતા તેજ મને દેખતાં ખડખડ હશી મારી મશ્કરી કરે છે. હું જીવતો પણ હવે મુઆ સમાન છું મારા ઉપરી અમલદારો જે માનથી મને બોલાવતા તેઓ અત્યારે ધિક્કારની નજરે જુએછે. અરે! મને એ રંડાએ આ દુનિઆમાંથી

પાયમાલ કીધો છે. રાત દીવસ મારી સેવા ચાકરી કરનારી, મારી આજ્ઞાને અનુસરનારી, માથું દુઃખતા પોતાની દેહને દુભવનારી, એવી પવિત્ર પત્નિને તજી, તેને હરેક વાતે દુઃખિ કરી, તેને તિરસ્કાર ભરી નજરે જોઈ, એ પ્રપંચથી ભરેલી, ઉપરથી રૂપાળી પણ અંદરથી અવગુણવાળી, ઝેરી નાગણના ફંદમાં હું ફસાયો? અરે! તેનેજ મને ડંખ મારી મને નિરજીવ કર્યો હાય! ઉંડા નિશ્વાસ નાંખી પાછો બોલ્યો. હવે આ જીવિત નકામું છે. માટે લાવ પેલી ઝેરી ગોળી ગળી જઇ મારા પાપી આતમાનો ઈનસાફ કરાવા તેને પ્રભુ પાસે મોકલી દઉં. એટલું બોલી તે ખુરશી ઉપરથી ઉઠયો, અને જ્યાં તે ઝેરી ગોળી મુકી હતી ત્યાંથી લઇ ઝટદઇને ગળી જઈ પાછો ખુરશીમાં જઇ બેઠો. થોડીવાર ન થઈ તેટલામાં તો તે ગોળી આખા શરીરમાં ફરી વળી કંઠને મેળવી દીધો, આંખને સપેત કોડા જેવી કરી દીધી, હાથપગને શક્તિથી રહીત કરી દીધા, અને પ્રાણવાયુને અંગ પ્રદેશમાં ફરતો અટકાવ્યો. તેણીએ ટટાર બેઠેલાને વાંકો કરી ધબ દઈ ખુરશીમાંથી નીચે નાખી દીધો. એ ધબકારાનો અવાજ સાંભળી રસોઇ કરવી પડતી મુકી ત્યારથી તેની સ્ત્રી ઉપર આવી. અને દામોદરને ઉંધે મસ્તકે પડેલો જોઈ ગઃભરી બની ગઈ. અરે એટલી વારમાં આ શું થઈ ગયું? પાસે જઈ બોલાવતાં કાંઈપણ ઉત્તર ન મળવાથી તેને પોતાને હાથે ઉચકી પાસે પરેલી પથારીમાં સુવાડયો. તેનું સર્વ અંગ તપાસતાં કોઇ ઠેકાણે જરા પણ ગરમી ન જણાતાં, નહી પણ પોસ મહીનાની ટાઢથી જેમ સઘળી વસ્તુ શિતળ લાગે છે તેમ ઠંડા ગાર જેવો જણાયો. તેને આમ શાથી થયું તે વિચાર કરતાં તેની દ્રષ્ટી પેલા કાગળ ઉપર પડી કે જે ખુરશીપર દામોદર બેઠેલો હતો તેની નીચે તે પડયો હતો રડતી આંખે તે લઈ મથાળાથી તે ઠેઠ નીચે નિહાળી આમ થવાનું તેનું કારણ કળી આવ્યું. તેજ વખતે તે કાગળનો નાશ કર્યો; અને હૈયાફાટ રડવા અને છાતી તથા માથુ કુટવા મંડી. આ કોલાહલથી આડોશી પાડોશીથી સઘળું ઘર ભરાઇ ગયું. એક ભલીબાઇએ તેના રસોડાની અને ચયેલી

રસોઇની વ્યવસ્થા કરી. કેટલીક સમજુ બાઇઓએ સમજાવવા માંડી, પણ તે સમજુ છતાં પોતાનું નષ્ટ થવાથી આક્રોશના આવેશે વિલાપ કરતી બંધ રહી નહીં. આ ખબર પવનની માફક થોડી જ પળમાં આખા નગરમાં ફેલાઇ ગઈ અને તેથી તેના સગાવહાલાં ઝટોઝટ આવી પહોંચી ક્રીયા કરી ન કરી તાબડતોબ સ્મશાનગૃહમાં લઈ જઇ ફુંકી દીધો.

શેઠ ઊપર પણ તેજ દીવસે રૂપાળીનો પત્ર આવ્યો હતો તેમાં પણ પોતે ચોરી કરી નાશી ગઇ છે અને તે સંબંધી જે કાંઇ ઉપાયો કરતા હોય તે બંધ કરવા સુચવ્યું હતું. આ કાગળ વાંચી સંસારની અસારતા વિચારી, પોતાના કૃત્યનો પસ્તાવો કરી બાકી રહેલુ સઘળું ધન તથા વાડી વજીફા વીગેરે સર્વ ધર્માદા કરી એક નાનું સુંદર મકાન ભાડે લઈ બાકી રહેલો કાળ ઈશ્વરભજનમાં ગાળ્યો.

જે પુરૂષો સંસારસુખની ઇચ્છાવાળા થઇ પોતાની સુશિલ ભાર્યાને તજી, લાજ મર્યાદા મુકી, સગા સહોદરમાં અળખા થઇ, પાપ પુન્યનો વિચાર કરતા નથી તેની છેવટે દામોદર જેવી અવસ્થા થાય છે. સ્ત્રીઓ ધન અને મદને હરનારી છે. લાજને લુટનારી છે. સ્નેહને તોડાવનારી છે. અને સ્વજન અને સજ્જનમાં અપમાનિત કરવાવાળી છે. જીવતાં, દુખને આપવાવાળી તથા મુઆ પછી નર્કમાં મોકલી દેનારી છે. માટે સમજુ અને વિચક્ષણ પુરૂષોએ તેના હાડ, માંસ, અને રૂધિર ભરેલા અવયવ, રૂપ, રંગ, હાવભાવ, પ્રેમ અને ચેષ્ટાઓથી ચળીત ન થવું.

સાહસિક પુરૂષો પોતાનું અપમાન થતાં તે સહન કરી શકતા નથી. પોતાની નિંદા થતી પોતાના કાને સાંભળવાનાં બહુ કાયર હોય છે. તે શિર આપે છે પણ નાકને જવા દેતા નથી. એ સઘળું આપણે આ વાર્તાના નાયક દામોદર તરફથી જાણી ગયા છીએ.

કૃપણ મનુષ્યો, ઘણું ધન છતાં પોતાને પેટ પુરૂ ખાતા નથી, પણ નવિન લક્ષ્મી લાવવામાં મંડ્યા રહે છે. ધર્મકા-

ર્યમાં એક પાઈ ન આપતાં પોતાની અમુલ્ય આબરૂને આપે છે. એક પાઈ ખરચ કરવાને બદલે પોતાના પ્રાણ ખરચવા તૈયાર થાય છે. ચમડી તૂટે પણ દમડી ન છુટે એ કહેવત આવા કૃપણોના કાર્યથીજ થઇ હશે? તે કૃપણોનુ ધન, ચોર, લુટારા, કે દગલબાજો ખાય છે. તેનું હરણ થતાં તે આંખો ચોળી રહે છે, પણ હાથે કરી એક પાઈ ખરચવા ચોખ્ખી ના પાડે છે. જે ધડો રતનચંદ શેઠની હકીકત ઉપરથી સારો મળે છે.

પાપીઓ પૈસો મેળવવામાં કેટલો અને કેવો પ્રપંચ કરેછે તે આપણે રૂપાળીના કર્તવ્યથી જાણીતા થયા છીએ. એક કવિએ કહ્યું છે કે "નમે દગલબાજ નર છળવા" તે બરાબર છે. માટે સર્વ પ્રાણીઓએ પરસ્રીનો સંગ, કૃપણતા કે વિશ્વાસી બની પ્રમાદ કરવો નહીં. નોકર ચાકરને તેની પરીક્ષા કરી તેના યોગ્ય તેને સતા આપવી. એમ જે નહીં કરે તેઓ દામોદર અને રતનચંદના જેવા હાલને પાત્ર થશે.

કીંબહુના.

સમાપ્ત.

વેચવાનાં તૈયાર છે ! ! !

દેવતાઇ જાદુગર—મંત્ર જંત્ર તંત્ર અને જાદુનું ૨ ભુત પીશાચ સાકેણી ડાકેણીના ચીત્રો સાથે કીંમત રૂ. ૦—૮—૦

ગમ્મત મુંઠ—જો તમારે પેટ દાબીને હસવું જ હોય તો મંગાવો. કીંમત રૂ. ૦—૪—૦ ચાર આના.

રોગ નીવારણ—વૈદકનો અતી ઉપયોગી ગ્રંથ, ગજવામાં રહી શકે તેવો. કીંમત રૂ. ૦—૮—૦ આઠ આના.

જોળી લોળાઓ—ચમત્કારી દેવતાઈ દમયાની વાતોનો સંગ્રહ છે. કીમત રૂ. ૦—૪—૦ ચાર આના.

નવ તરંગ—મુંબઇની પ્રખ્યાત નાટક મંડળીઓ સીવાય ગુજરાતની નાટક કંપનીઓના રસીક ગાયનોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. કીંમત રૂ. ૦—૨—૦ બે આના.

મન તરંગ—પ્રસીદ્ધ નાટક કંપનીઓના ઉમદા રાગનો નુંટણી ઘણીજ સરસ કરવામાં આવી છે. કી. રૂ ૦—૨—૦ બેઆના.

પુસ્તકો મળવાના ઠેકાણાં.

જેશંગભાઇ મોતીલાલ શાહની કંપની,

ઠે. રીચીરોડ— અમદાવાદ.

તથા

ખત્રી. પુરશોતમ મુલચંદ,

ઠે. ગુલાલવાડી ત્રીજે ભોઈવાડો.

બહાર કોટ—મુંબઇ.